**સુવિચાર**
હંમેશા પોતાની જાત માટે જ કંઈ કરવા કરતાં ક્યારેક બીજા માટે પણ કંઈક કરી છૂટીએ અને એ છે સેવા.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૯/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા સુદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૨૩૦

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૧૪-૦૯-૨૦૨૪,શનિવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
Prostate Cancer
કીડની
પ્રોસ્ટેટ
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦

### દવાખાનાની લોબીમાં અને બેડની નીચે શ્વાન આરામ ફરમાવે

# હે રામ : ખાંભાનાં સરકારી દવાખાનામાં શ્વાનનાં આંટાફેરા

**૫૭ જેટલા ગામોની જનતાનાં આરોગ્યની સેવા કરવાની જવાબદારી ધરાવતાં દવાખાનામાં તબીબોનો પણ અભાવ**

**દર્દીનારાયણને નાછુટકે ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવા જવું પડે છે**

**ચોમાસાનાં દિવસોમાં રોગચાળાનું પ્રમાણ વધતાં દર્દીઓનો ભરાવો પણ થઈ રહ્યો છે**

**રાજયનાં આરોગ્ય વિભાગે ખાંભાનાં સરકારી દવાખાનાની સારવાર કરવી જોઈએ તેવી માંગ**








ખાંભા, તા. ૧૨

ખાંભા તાલુકો ગીરકાંઠાનો છેવાડાનો પછાત તાલુકો માનવામાં આવે છે. ત્યારે ખાંભાનું મહત્વનું ગણાતું સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ત્રણ ડોકટર, મેડિકલ ઓફિસર સહિતના ડોકટર, લેબટેકિનશયન, એકસરે ટેકિનશયન અને નર્સિંગ સ્ટાફનું મહેકમ હોવાથી તાલુકાભરમાંથી દર્દીઓ અને ડીલીવરીના કેસો તથા સ્ટેટ હાઈવે પર અવારનવાર બનતા અકસ્માતના દર્દીઓ હોસ્પિટલમાં મોટી આશાઓ સાથે આવતા હોય છે. પરંતુ ખાંભા તાલુકા મથકની હોસ્પિટલમાં એક જ ડોકટર ઓપીડીમાં હોવાથી દર્દીઓ અને ખેડૂતો, માલધારીઓ પોતાના કામ ધંધા મૂકીને હોસ્પિટલમાં સારવાર માટે આવતા હોય છે. પરંતુ એક જ ડોકટર હોસ્પિટલમાં હાજર હોવાથી કલાકો સુધી બેસતા હોય છે અને વારો આવતો ન હોય ત્યારે ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. દર્દીઓ રામ ભરોસે રહેતા હોય જેથી ખાનગી દવાખાનામાં મોંઘી સારવાર

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ઘરકંકાસનાં કારણે અંતિમવાટ પકડી

## સાવરકુંડલાનાં ધજડી ગામનાં યુવકે પત્ની સાથે ઝગડો થતાં ઝેર પીધુ

**યુવકનું સારવાર દરમિયાન મોત થયું**

અમરેલી, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાના ધજડી ગામે રહેતા ધર્મેશ મોહનભાઈ પારધી નામનાં ૧૯ વર્ષિય યુવકને તેના પત્નિ સાથે ઝઘડો થતા માઠું લાગી જતા ગત તા. ૫ના રાત્રે ૮ વાગ્યા આસપાસ પોતાની જાતેથી ઝેરી જંતુનાશક દવા પી જતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## રાજુલાનાં પિપાવવાધામમાં ૮ પત્તાપ્રેમીઓની અટકાયત

અમરેલી, તા. ૧૨

રાજુલા તાલુકાના પિપાવાવધામ ગામે રહેતા મધુભાઈ પુનાભાઈ મકવાણા, વિપુલભાઈ સોમાતભાઈ સાંખટ, રોહિતભાઈ નરશીભાઈ સાંખટ, મનસુખભાઈ કાનાભાઈ સાંખટ, રાજુભાઈ જોધાભાઈ સાંખટ, જગદીશભાઈ મંગાભાઈ ગુજરીયા, સુનીલભાઈ ગોવિંદભાઈ ગુજરીયા તથા સુરેશભાઈ માલાભાઈ મકવાણા નામના આઠેય ઈસમો પિપાવાવધામ ગામે મધુભાઈ પુનાભાઈ મકવાણા વાળાના રહેણાંક મકાન સામે સ્ટ્રીટ લાઈટના અંજવાળે જાહેરમા પૈસા વડે હારજીતનો જુગાર રમતા હોય. આ અંગે સ્થાનિક પોલીસને બાતમી મળતાં દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૨૪,૧૩૦ના મુદ્દામાલ સાથે કુલ આઠેય ઈસમોને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### કોઈ અગમ્ય કારણોસર અંતિમવાટ પકડી

## અમરેલી પાલિકાની વોટરવર્કસ શાખાનાં કર્મચારી હેમેન્દ્રભાઈ ત્રિવેદીએ ગળાફાંસો ખાઈ લીધો

**બે સંતાનોએ પિતાની અને પત્નીએ પતિની છત્રછાયા ગુમાવી**



અમરેલી, તા. ૧૨

અમરેલી નગરપાલિકાની વોટર વર્કસ શાખાના એક કલાર્કે આજે સવારે કોઈ અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં ગળા ફાંસો ખાઈ આપઘાત કરી લીધેલ હતો. નિષ્ઠાવન અને મળતાવડા સ્વભાવના કર્મચારીની અણધારી વિદાયથી ભારે શોકનો માહોલ છવાયો હતો. બે સંતાનોએ પિતાની અને પત્નીએ પતિની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ભારે આક્રન્દ છવાયેલ હતો.

પ્રાપ્તવિગત મુજબ અમરેલી નગરપાલિકાની વોટર વર્કસ શાખામાં કલાર્ક તરીકેની ફરજ બજાવતા હેમેન્દ્રભાઈ હસમુખરાય ત્રિવેદી (ઉ.વ. ૫૧) નામના કર્મચારીએ આજે સવારે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં જ ગળ ફાંસો ખાઈ આપઘાત કરી લીધેલ હતો.

### કેરલા બોર્ડની ખોટી માર્કશીટ બનાવવા બદલ

## રાજુલાનાં યુવકે પોલીસ ફરિયાદ નોંધાશે તેવા ભયમાં એસિડ ગટગટાવી લીધું

**અમદાવાદ ખાતે સારવાર દરમિયાન મોત થયું**

અમરેલી, તા. ૧૩

રાજુલા તાલુકાના ડોળીનો પટ વિસ્તારમાં રહેતા એક યુવકે તેના કોમ્પ્યુટર કલાસીસમાં અમરેલીની એક મહિલાનું ધોરણ ૧૨ ની કેરલા બોર્ડની ખોટી માર્કશીટ બનાવેલ હોય. જે બાબતે આ યુવકને રાજુલા પોલીસ સ્ટેશન ખાતે પોલીસે પુછપરછ માટે બોલાવેલ હોય અને ત્યાર બાદ આ યુવકને ગત તા. ૩૧ના રોજ જરૂરી આધાર-પુરાવા સાથે પોલીસે તેમને હાજર રહેવાનુ કહેલ હોય. જેથી આ યુવકને તેના વિરૂધ્ધમાં ખોટી માર્કશીટ બનાવ્યા બાબતેનો ગુન્હો દાખલ થશે તો પોતાની આબરૂ જશે અને બદનામી થશે તે વાતનું તેને મનમાં લાગી આવતા યુવકે ગત તા. ૩૧/૮/૨૪ના રોજ સવારના આઠ વાગ્યે પોતાના ઘરે પોતાની

**અનુસંધાન પાના ૬ ઉપર**

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૨/૦૯/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

### યુવા ભાજપ અગ્રણી કુમારસિંહ સોલંકીનું અવસાન થયું હતું

## બાબરાનાં ૪ વર્ષ પહેલાનાં અકસ્માતનાં બનાવમાં નાસી જનારને કોર્ટ દ્વારા સજા

**આરોપી બિપિનભાઈ સોલંકીને ૬ માસની સજા**

બાબરા, તા. ૧૨

અકસ્માતના કેસમાં અકસ્માત સર્જીને મૃત્યુ નિપજાવીને નાસીજનારને દોષિત ઠરાવી સજા ફરમાવવામાં આવી છે. ચાર વર્ષ પહેલાં

**અનુસંધાન પાના ૬ ઉપર**

## હજારો એકર જમીનનાં તળ ઊંચા આવવાથી ખેડૂતો ખૂશ

# અરે વાહ : બાબરામાં આવેલ મેલડી મા તળાવ છલોછલ

તળાવની આસપાસનાં ૨૦૦થી વધુ ખેડૂતોને સિંચાઈનો સીધો લાભ મળશે

ખરીફ અને બાદમાં શિયાળુ પાકમાં પિયતને લઈને ખેડૂતો ચિંતામુક્ત બન્યા

કપાસ, મગફળી સહિતનાં મહત્વનાં પાકનો સારો એવો ઉતારો આવી શકશે

આગામી દિવસોમાં ચણા, જીરૂ, મગ સહિતનાં પાકનું પણ ઉત્પાદન સારૂ રહેશે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૨

બાબરામાં કાળુભાર નદી રામપરાડેમ અને મેલડી તળાવ શહેરના ખેડૂતો માટે જીવાદોરી સમાન છે. ચોમાસાની સિઝનમાં છેલ્લે મેઘરાજાનું જોરદાર આગમન થતા શહેરના જળાશય અને ચેકડેમ ભરાય જતા ખેડૂતોમાં હરખની લાગણી પ્રસરી ગઈ હતી.

બાબરામાં કરીયાણાં રોડ પર આવેલ રામપર ડેમ ભરાય જતા અહીં પણ ખેડૂતો ને સિંચાઈનો લાભ મળતા કુવા અને બોરના તલ ઉંચા આવ્યા છે. વળી રામપરા ડેમ ભરાયને છલકાય જતા તેનું પાણી સીધું ખાખરીયા સહિત ગામડાંઓમાં પસાર થઈ કાળુભાર નદીમાં ભળતા એ ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોને પણ સિંચાઈ માટે મોટો ફાયદો થશે.

બીજી બાજુ અહીં નિલવડા રોડ પર આવેલ મેલડીમાં તળાવ તરીકે ઓળખવામાં આવતું તળાવ સારા વરસાદના કારણે સંપૂર્ણ ભરાય જતા આસપાસ ના ખેડૂતો ને સિંચાઈ માટે મોટો ફાયદો થઈ રહ્યો છે. અહીં તળાવના કાંઠે ખેતી ધરાવતા સ્થાનિક ખેડૂત રમેશભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, મેલડી માં તળાવ ભરાય જતા અહી આસપાસના ૨૦૦થી વધુ ખેડૂતોને સિંચાઈનો ફાયદો થયો છે. ખેડૂતને કુવા અને બોરના તળ ઊંચા આવ્યા છે. તમામને નવા નીર આવ્યા છે જેના કારણે કપાસ, મગફળી સહિતના પાકો માટે હાલ ખેડૂતો હરખભેર પિયત કરી રહ્યા સારા નીરના કારણે ખેડૂતો ખરીફ પાકમાં પિયતને લઈ ચિંતા મુકત બન્યા છે અને આગળ મગ, ચણા, જીરૂં સહિતના શિયાળુ પાકમાં પણ ખેડૂતોને પિયત માટે કોઈ મુશ્કેલીઓ ઉભી નહિ થાય તેવું અંતમાં ખેડૂત રમેશભાઈ ભાલાળાએ જણાવ્યું હતું.

### દાતાઓના સહયોથી

## વડિયાનાં અંતિમધામ ખાતે બોઈલર સગડી મુકવામાં આવી

લાકડા, સમયની બચત થશે



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ-વડિયા

વડિયા, તા. ૧૨

વડિયામાં આવેલા અંતિમ ધામ ખાતે અદ્યતન બોઈલર સગડી વિકસાવવા માં આવી છે જે વડિયાના વતની એવા ભુપતભાઈ, કિરીટભાઈ, ભીખુભાઈ ગોહેલ દ્વારા અદ્યતન બોઈલર સગડી પ્રથમ વાર નિર્માણ કરવામાંઆવીછે. આ સગડીના નિર્માતા દાતા અને અન્ય દાતાઓના સહયોગથી આ સગડી વડિયા અંતિમ ધામ ખાતે ફિટ કરવામાં આવી છે જેના ઉપયોગનું ડેમોસ્ટ્રેશન વડિયા ખાતે કેળના ઝાડ અને લાકડા ઉત્પાદક ટીમ દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ ટીમ દ્વારા જણાવાયું હતુ કે આ અધ્યતન સગડી ગુજરાતની પ્રથમ બોઈલર સગડી છે જે મૃતદેહ ને સંપૂર્ણ ડિસપોઝ કરે છે સાથે ૫૦%લાકડા ની બચત, ૫૦%સમયની બચત અને પ્રદુષણ માં ઘટાડો લાવે છે જેથી આવનાર સમય માં પર્યાવરણ બચાવવાં અને પ્રદુષણ ઘટાડવામાં મદદરૂપ થઈ શકાય. આ તકે ઉત્પાદક એવા ગોહેલ પરિવાર દ્વારા આ સગડી ગેસ અને ડીઝલ આધારિત પણ બનાવવા આવનાર છે તેવુ જણાવાયું હતુ. આ ડેમોસ્ટ્રેશન સફળ થતા હવે આવનાર સમયમાં ગામજનો દ્વારા તેમના કોઈ પણ સ્વજનના અવસાન સમયે તેનો ઉપયોગ કરવામાં આવશે. જે ઉપયોગ કઈ રીતે કરવો તેની પણ સંપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમ માં વડિયા ખાતે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંઘાડ, સગડીના ઉત્પાદક અને દાતા એવા ભુપતભાઈ, કિરીટભાઈ, ભીખુભાઈ ગોહેલ પરિવાર, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ રાંક, સરપંચ મનીષ ઢોલરીયા, કાળુભાઈ વડેરિયા સહીત અન્ય દાતાઓ અને ગ્રામ લોકો જોડાયા હતા. જેમા સરપંચ મનીષ ઢોલરીયા દ્વારા આ સગડીના નિર્માણમાં જોડાયેલા તમામ દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## રાજુલા જાફરાબાદ શહેર તાલુકાના યુવક કોંગ્રેસના પ્રમુખોની વરણી કરાઈ





અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લા યુવકો કોંગ્રેસ દ્વારા ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા ની સુચનાથી અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ સંદીપભાઈ ધાનાણી દ્વારા તાજેતરમાં યોજનારી રાજુલા જાફરાબાદ નગરપાલિકાની ચૂંટણીને અનુલક્ષીને યુવાનોની ટીમ મજબૂત બનાવવા રાજુલા શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે શ્રી કરણભાઈ કોટડીયા રાજુલા તાલુકા યુવક કોંગ્રેસ પ્રમુખ તરીકે વિજયભાઈ પરમાર અને જાફરાબાદ શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ તરીકે મુદસ્સર ભાઈ થયૈમ તેમજ જાફરાબાદ તાલુકા યુવક કોંગ્રેસ પ્રમુખ તરીકે યુવરાજભાઈ વરૂની નિમણૂક કરવામાં આવેલ છે.

આ નિમણૂક અને અમરેલી જિલ્લા કોંગ્રેસ આગેવાન પરેશભાઈ ધાનાણી પ્રતાપભાઈ દુધાત વિરજીભાઈ ઠુંમર જેનીબેન ઠુંમર ચંદ્રેશભાઈ રવાણી ઠાકરશીભાઈ મેતલીયા તેમજ રાજુલા જાફરાબાદ ના આગેવાનો ટીકુભાઈ વરૂ, જે. ડી. કાછડ નાયાભાઈ ગુજર ગાંગાભાઈ હડીયા ભગવાનભાઈ વાઘ રવિભાઈ ધાખડા દિપકદાદા ત્રિવેદી અબ્દુલભાઈ સેલોત મારૂ નાથાભાઈ પરમાર, હરેશભાઈ બાંભણિયા, રજાકભાઈ થૈયમ, કાદરભાઈ જાડેજા, દિલીપભાઈ સોજીત્રા, દીપકભાઈ વિંઝુડા સહિતના કોંગ્રેસના આગેવાનોએ આ નિમણૂકને આવકારેલ છે અને અભિનંદન શુભેચ્છા પાઠવેલ છે તેમ અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના ઉપપ્રમુખ તેજસભાઈ મસરાણીની યાદીમાં જણાવ્યું છે.

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે દિગ્વિજય દિનની ઉજવણી

અમરેલી, તા. ૧૨

શિક્ષણ, સંસ્કાર અને રાષ્ટ્રીયતા માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં તા. ૧૧/૦૯/૨૦૨૪ના રોજ સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ દ્વારા સ્વામીના શિકાંગો સંભાષણને યાદ કરીને આજની દિવસને દિગ્વિજય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

આ પ્રસંગે ચેતનભાઈ ધાનાણી (લાલાવદર), વ્રજરાજસિંહ ગોહિલ (ભાવનગર), જીજ્ઞેશભાઈ દાફડા, ગૌરવભાઈ મહેતા, સોહમભાઈ વાજા, જેનીષભાઈ ચૌહાણ, ચેતનભાઈ ધાનાણી, કેવલભાઈ મહેતા વગેરે એ સક્રિય હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસિયાએ સૌને આવકાર્યા હતા. પોતાનાં પ્રવચનમાં આજનાં દિવસનું મહત્વ સમજાવ્યું હતું તેમજ અર્જુનભાઈ દવેએ આજનાં મુખ્ય વકતા તરીકે સુંદર પ્રેરક પ્રવચન આપ્યું હતું. અને સ્વામી વિવેકાનંદનાં અમેરિકાનાં સંસ્મરણો વિસ્તારથી યાદ કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સૌએ ભારે જહેમત ઉઠાવી હતી.






બાબરામાં મકાન વેચવાનું છે

બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે ૮૦ વાર જગ્યામાં (ડુપ્લેક્સ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ

રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં - બાબરા

સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















### સેન્સેક્સ-નિફ્ટી ઓલટાઇમ હાઇ થયા

# શેરબજારમાં રોકાણકારો કમાયા, મૂડી ૭ લાખ કરોડ રૂપિયા વધી

## સેન્સેક્સ ૧૪૩૯.૫૫ પોઇન્ટના ઉછાળા સાથે ૮૨૯૬૨.૭૧ પર બંધ રહ્યો હતોઃ નિફ્ટી ૪૭૦.૪૫ પોઇન્ટ ઉછળી ૨૫૩૮૮.૯૦ પર બંધ રહ્યો હતો

મુંબઈ, તા.૧૨

વૈશ્વિક સ્તરે મજબૂત પરિબળોના પગલે આજે ભારતીય શેરબજારમાં આકર્ષક તેજી જોવા મળી છે, આ સાથે સેન્સેક્સ ૮૩૦૦૦નું રેકોર્ડ લેવલ વટાવવામાં સફળ રહ્યો છે. નિફ્ટી પણ ૨૫૪૩૩ની ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યો છે. આ સાથે આજે રોકાણકારોની મૂડીમાં રૂ. ૭.૪૭ લાખ કરોડનો વધારો જોવા મળ્યો છે. સેન્સેક્સ આજે બપોરના ૨.૦૦ વાગ્યા બાદના ટ્રેડિંગ સેશનમાં આકર્ષક ૧૫૯૩ પોઈન્ટના ઉછાળા સાથે ૮૩૧૧૬.૧૯ની રેકોર્ડ ટોચે પહોંચ્યો હતો. જે અંતે ૧૪૩૯.૫૫ પોઈન્ટના ઉછાળા સાથે ૮૨૯૬૨.૭૧ પર બંધ રહ્યો હતો. નિફ્ટી ૪૭૦.૪૫ પોઈન્ટ ઉછળી ૨૫૩૮૮.૯૦ પર બંધ રહ્યો હતો.

શેરબજારમાં સાર્વત્રિક ઉછાળાનો માહોલ જોવા મળ્યો હતો. ઓટો, મેટલ, અને એનર્જી શેર્સમાં તેજી સાથે ઈન્ડેક્સ ૨ ટકા સુધી ઉછળ્યા હતાં. જેમાં ટેલિકોમ ઈન્ડેક્સ ૨.૬૧ ટકા ઉછાળા સાથે ટોપ પર્ફોર્મર રહ્યો હતો. એફએમસીજી, હેલ્થકેર, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ટેક્નોલોજી ઈન્ડેક્સ ૧ ટકાથી વધુ ઉછાળા સાથે આજે રેકોર્ડ ટોચે પહોંચ્યા હતા. મીડકેપ ૧.૩૨ ટકા અને સ્મોલકેપ ૦.૭૯ ટકા ઉછાળે બંધ રહ્યા હતા.બીએસઈ ખાતે કુલ ટ્રેડેડ ૪૦૬૯ સ્ક્રિપ્સ પૈકી ૨૩૩૭ શેર્સ સુધારા તરફી અને ૧૬૦૯ શેર્સ ઘટાડા તરફી બંધ રહ્યા હતા. ૨૭૮ શેર્સ વર્ષની ટોચે અને ૩૬ શેર્સ વર્ષના તળિયે પહોંચ્યા હતા. સેન્સેક્સ પેકમાં નેસ્લે સિવાય અને તમામમાં ૨૯ શેર્સમાં ૪.૩૬ ટકા સુધી ઉછાળે બંધ રહ્યા હતાં. નેસ્લે ૦.૦૯ ટકા ઘટાડે બંધ રહ્યો હતો.

જિયોજિત ફાઈનાન્સિયલ સર્વિસિઝના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્તરે ઈસીબી અને ફેડ રિઝર્વ દ્વારા વ્યાજના દરોમાં ઘટાડાની શક્યતા પ્રબળ બનતાં શેરબજારમાં સાર્વત્રિક તેજી જોવા મળી છે. વધુમાં સ્થાનિક સ્તરે પણ ફુગાવો અને આઈઆઈપીના સકારાત્મક આંકડાઓએ પણ માર્કેટને ટેકો આપ્યો છે.

### ૭૨ વર્ષની વયે લીધા અંતિમ શ્વાસ

# વરિષ્ઠ CPI(M) નેતા સીતારામ યેચુરીનું નિધન

## સીતારામ યેચુરી લાંબા સમયથી બીમાર હતા : તેમને તાજેતરમાં AIIMSમાં દાખલ કરવામાં આવ્યા હતા

નવી દિલ્હી,તા.૧૨

ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્કસવાદી)ના વરિષ્ઠ નેતા અને મહાસચિવ સીતારામ યેચુરીનું ગુરુવારે અવસાન થયું. તેમણે ૭૨ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. તેઓ લાંબા સમયથી બીમાર હતા. તેમને તાજેતરમાં AIIMSમાં દાખલ કરવામાં આવ્યા હતા.

૭૨ વર્ષીય CPI(M)ના નેતા સીતારામ યેચુરીને અગાઉ ૧૯ ઓગસ્ટે AIIMSમાં દાખલ કરવામાં આવ્યા હતા. બાદમાં તેને ICUમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યારથી તેમની સારવાર ચાલી રહી હતી. ગુરુવારે ફરી એકવાર તેમની તબિયત લથડી હતી.

સીતારામ યેચુરી કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી)ના જનરલ સેક્રેટરી અને પાર્ટીના સંસદીય જૂથના નેતા હતા. તેમનો જન્મ ૧૨ ઓગસ્ટ ૧૯૫૨ના રોજ ચેન્નાઈમાં તેલુગુ ભાષી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમને ૨૦૧૬માં રાજ્યસભામાં શ્રેષ્ઠ સંસદસભ્યનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. ઈમરજન્સી દરમિયાન જેએનયુમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ પછી તેઓ સતત ત્રણ વખત JNU વિદ્યાર્થી સંઘના પ્રમુખ તરીકે ચૂંટાયા. ૧૯૮૪માં તેમને CPI(M)ની સેન્ટ્રલ કમિટીમાં સામેલ કરવામાં આવ્યા હતા. ૨૦૧૫માં તેઓ પાર્ટીના જનરલ સેક્રેટરી તરીકે ચૂંટાયા હતા.યેચુરી ૨૦૦૫માં પશ્ચિમ બંગાળમાંથી રાજ્યસભા માટે ચૂંટાયા હતા. તેમણે ગૃહમાં અનેક મુદ્દા ઉઠાવ્યા. છેલ્લા ઘણા દિવસોથી તેમની તબિયત લથડી રહી હતી. તાજેતરમાં જ તેમની મોતિયાની સર્જરી કરી હતી. બાદમાં તેમને ફેફસાના ઈન્ફેક્શનને કારણે AIIMSમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમણે તાજેતરમાં કોલકાતામાં બનેલી ઘટના અંગે નિવેદન આપ્યું હતું. નવા ફોજદારી કાયદા અંગે દાખલ કરવામાં આવેલી અરજીમાં વિપક્ષી ગઠબંધન ભારતને પણ સમર્થન આપ્યું હતું. ડાબેરી નેતાઓ તરીકે તેમની એક અલગ ઓળખ છે. તેઓ હંમેશા ડાબેરી વિચારધારાને લઈને પોતાનો અવાજ ઉઠાવતા હતા.

### ઓમર અબ્દુલ્લાને વોટ વિભાજનનો ડર

# જમ્મુ-કાશ્મીરમાં ભાજપ સરકાર બનાવી શકે : ઓમર અબ્દુલ્લા

## નેશનલ કોન્ફરન્સના નેતાએ લોકોને ચેતવતા કહ્યું કે તેઓ સમજદારીથી મતદાન કરે અને તેને વિભાજિત ન થવા દે

જમ્મુ, તા.૧૨

નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાએ કહ્યું છે કે, જમ્મુ-કાશ્મીરમાં ભાજપ સરકાર બનાવી શકે છે. ભાજપ કેવી રીતે સરકાર રચી શકે છે તેનું કારણ પણ ઓમર અબ્દુલ્લાએ જણાવ્યું છે. તેમણે કહ્યું કે જો કાશ્મીર ઘાટીમાં મતોનું વિભાજન થશે તો ભાજપ સત્તામાં આવી શકે છે. કુપવાડામાં પત્રકારોએ ઓમરને પૂછ્યું હતું કે, ભાજપ દાવો કરે છે કે તે જમ્મુ કાશ્મીરમાં સરકાર બનાવશે. તેના પર એનસી નેતાએ કહ્યું કે, જો કાશ્મીરમાં લોકો તેમના વોટનું વિભાજન થવા દે તો ભાજપ જમ્મુ કાશ્મીરમાં સરકાર બનાવી શકે છે. મતોના વિભાજનથી બચવા લોકોએ સમજદારીપૂર્વક મતદાન કરવું જોઈએ. વોટ વિભાજનનો ડર માત્ર ઓમર અબ્દુલ્લાને જ નહીં, પરંતુ પીડીપીના વડા મહેબૂબા મુફ્તીને પણ સતાવી રહ્યો છે. મહેબૂબાએ કહ્યું હતું કે કાશ્મીર ઘાટીમાં મતોનું વિભાજન થઈ શકે છે. તેણે આનો શ્રેય એન્જિનિયર રાશિદને આપ્યો. મહેબૂબાએ એન્જિનિયર રશીદને ભાજપના પ્રોક્સી ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે રાશિદના કારણે કાશ્મીરમાં મતોનું વિભાજન થઈ શકે છે.કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ ચૂંટણી યોજાઈ રહી છે. પીડીપી અને નેશનલ કોન્ફરન્સે સત્તામાં આવવા માટે પૂરા પ્રયાસ કર્યા છે. આ ચૂંટણી દ્વારા બંને પક્ષોનું રાજકીય ભવિષ્ય નક્કી થશે. પરંતુ મતદાન પહેલા તેઓ કાશ્મીર ખીણમાં મતોના વિભાજનથી ડરે છે. કાશ્મીર પ્રદેશમાં વિધાનસભાની ૪૭ બેઠકો છે. તેને પીડીપી અને એનસીનો ગઢ કહેવામાં આવે છે. છૈં નેતા એન્જિનિયર રાશિદે NC-PDPના ગઢમાં ઘૂસવાનો પ્લાન તૈયાર કર્યો છે.

વચગાળાના જામીન પર બહાર આવેલા એન્જિનિયર રાશિદે કાશ્મીર ક્ષેત્રમાં ૨૦ બેઠકો જીતવાનું લક્ષ્ય રાખ્યું છે. રાશિદનું ધ્યાન યુવા મતદારો પર છે. તેમની પાર્ટીના મેનિફેસ્ટોમાં વિદ્યાર્થીઓ માટે ફ્રી લેપટોપનો મુદ્દો સમાવ્યો છે. તેમણે રાજકીય કેદીઓને મુક્ત કરવાનું વચન પણ આપ્યું છે. રાશિદ એવા નેતા છે જેણે લોકસભા ચૂંટણીમાં ઓમર અબ્દુલ્લાને હરાવ્યા હતા. તેણે બારામુલ્લામાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. લોકસભાની ચૂંટણીમાં રશીદ ૨ લાખ કરતા પણ વધુ મતોથી જીત્યા હતા. તેઓ દિલ્હીની તિહાર જેલમાં રહીને ચૂંટણી જીત્યા હતા. હાલમાં રશીદ આગામી ૨ ઓક્ટોબર સુધી વચગાળાના જામીન પર મુક્ત થયા છે અને ચૂંટણીમાં પ્રચાર કરી શકશે. આવી સ્થિતિમાં, રાશિદની મુક્તિ મતોના અંકગણિતમાં ઓમર અબ્દુલ્લા અને મહેબૂબા મુફ્તીને ગૂંચવી શકે છે. બંનેએ રાશિદની મુક્તિ પર સવાલ ઉઠાવ્યા છે. એન્જિનિયર રશીદને વચગાળાના જામીન મળ્યા તેને નેશનલ કોન્ફરન્સ અને પીડીપી ચૂંટણીની રાજરમત તરીકે મૂલવી રહ્યાં છે. બંનેનું કહેવું છે કે ભાજપને ફાયદો કરાવવા માટે એન્જિનિયર રશીદને વચગાળાના જામીન મળ્યા છે.

જો એન્જીનિયર રશીદની પાર્ટી તેના લક્ષ્યની નજીક પણ આવી જશે તો એનસી અને પીડીપીના સત્તા મેળવવાના સપના ધૂળધાણી થઈ જશે. જો આપણે ૨૦૧૪ની વિધાનસભા ચૂંટણીના આંકડાઓ પર નજર કરીએ તો, કાશ્મીર ખીણમાં પીડીપીને ૨૫ અને એનસી પાસે ૧૨ બેઠકો હતી. કોંગ્રેસને ૪ બેઠકો મળી હતી. અન્યને ૫ બેઠકો મળી હતી.

બીજી તરફ, ભારતીય જનતા પાર્ટી જમ્મુ ક્ષેત્રની તમામ ૪૩ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. ભાજપે અહીં ૩૭ બેઠકો જીતવાનો લક્ષ્યાંક રાખ્યો છે. આ એ વિસ્તાર છે જે ભાજપનો ગઢ માનવામાં આવે છે. સીમાંકન બાદ અહીં ૬ બેઠકો વધી છે, જેનાથી ભાજપને ફાયદો થવાની આશા છે. જમ્મુ વિધાનસભા બેઠકોનું પ્રમાણ ૪૨.૫ ટકાથી વધીને ૪૭.૮ ટકા થયું છે. જ્યારે, કાશ્મીરમાં તે ૫૨.૯ ટકાથી ઘટીને ૫૨.૨ ટકા પર આવી ગયો છે. તેનાથી કેન્દ્રશાસિત પ્રદેશમાં ભાજપની તકો વધી જાય છે.જમ્મુને હિંદુ બહુમતી વિસ્તાર માનવામાં આવે છે. ડોડા, પૂંચ, રાજૌરી, કિશ્તવાડ અને રામબનમાં મુસ્લિમોની વસ્તી વધુ છે. જૂની વિધાનસભામાં આ જિલ્લાઓમાં ૧૩ બેઠકો હતી. બાકીના ૨૪ હિંદુ બહુમતી જમ્મુમાં હતા. જમ્મુની છ નવી બેઠકોમાંથી ત્રણ-ત્રણ મુસ્લિમ અને હિન્દુ પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં છે. નેશનલ કોન્ફરન્સ અને પીડીપીનો પ્રભાવ માત્ર ખીણમાં જ નહીં પરંતુ મુસ્લિમ પ્રભુત્વ ધરાવતી જમ્મુની બેઠકો પર પણ છે. બીજી તરફ કાશ્મીર ખીણમાં ભાજપનો પ્રભાવ ઘણો ઓછો અથવા શૂન્ય છે. જો કે, વર્ષોથી ભાજપે જમ્મુના હિંદુ અને મુસ્લિમ બંને જિલ્લાઓમાં તેનું પ્રદર્શન સુધાર્યું છે.

### સેવા, સુવિધા અને સુરક્ષા માટે અનેકવિધ આયોજન

# કલેક્ટરના હસ્તે અંબાજીમાં ભાદરવી પૂનમ મહામેળાનો થયેલો શુભારંભ

## પદયાત્રીઓને ભોજન પીરસી મેળાની શુભકામનાઓ પાઠવી

બનાસકાંઠા,તા.૧૨

શક્તિપીઠ અને પવિત્ર યાત્રાધામ અંબાજીમાં આજથી ૧૮ મી સપ્ટેમ્બર સુધી સાત દિવસીય ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૪ યોજાઇ રહ્યો છે. શક્તિ ભક્તિ અને આસ્થાના મીની કુંભ સમાન આ મહા મેળાની આજથી શરૂઆત થતી હોવાથી જિલ્લા કલેક્ટર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન મિહિર પટેલના હસ્તે શુભારંભ કરાયો હતો. અંબાજી ખાતે દાંતા રોડ ઉપર વેંકટેશ માર્બલ નજીક માતાજીના રથની શાસ્ત્રોક્ત રીતે અને ભક્તિભાવથી પૂજા-અર્ચના કરીને કલેકટર સહિત મહાનુભાવોએ રથને થોડેક સુધી દોરીને મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. મેળાનો શુભારંભ થતાની સાથે જ બોલ મારી અંબે જય જય અંબેના નાદ સાથે ગિરિમાળાઓ ગુંજી ઉઠી હતી. કલેકટર મિહિર પટેલે લાખો માઈભક્તોને મેળામાં આવકારતાં મા અંબા માઈભક્તોની મનોકામના પૂર્ણ કરે અને મેળો સુખરૂપ નિર્વિઘ્ને પૂર્ણ થાય એવી પ્રાર્થના કરી હતી. મેળાના પ્રથમ દિવસથી વિવિધ સેવા કેમ્પો પણ ધમધમી ઉઠ્યા છે ત્યારે કલેકટર મિહિર પટેલે સિદ્ધહેમ સેવા કેમ્પ ખાતે મુલાકાત કરી સેવા કેમ્પનો પ્રારંભ કરાવ્યો હતો. પદયાત્રીઓને ભોજન પીરસી મેળાની શુભકામનાઓ પાઠવી હતી.

પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાત દિવસીય ઉત્સવમાં મા અંબાના દર્શનાર્થે આવતા લાખો શ્રદ્ધાળુઓની સેવા, સુવિધા અને સુરક્ષા માટે અનેકવિધ આયોજન કરાયુ છે. મેળાના સાત દિવસ સુધી યાત્રાધામને સાંકળતા માર્ગો બોલ માડી અંબે જય જય અંબેના નાદથી ગુંજી ઉઠશે. રસ્તામાં માઈભક્તોને કષ્ટ ન પડે તે માટે સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઠેરઠેર સેવા કેમ્પો પણ શરૂ કરી દેવામાં આવ્યા છે. માં અંબા ને નવલા નોરતાનું નિમંત્રણ પાઠવવા માટેના આ મેળામાં દૂરદુરના અંતરેથી લાખો શ્રદ્ધાળુઓ કષ્ટ વેઠી ને પણ મા અંબાના ધામ પહોંચશે. ત્યારે ભકતોની સેવા, સુવિધા અને સુરક્ષા માટે વહિવટી તંત્ર સજજ બન્યું છે.

### કોંગ્રેસે બીજેપી નેતાનો વીડિયો શેર કર્યો

# રાહુલ ગાંધી તારી હાલત પણ તારી દાદી જેવી જ થશે’

## કોંગ્રેસ પાર્ટીએ પોતાના ‘X’ હેન્ડલ પર વીડિયો શેર કર્યો છે : કોંગ્રેસે વડાપ્રધાનને આ અંગે પગલાં લેવા જણાવ્યું

નવી દિલ્હી,તા.૧૨

લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીને શીખો માટે નિવેદન આપવું ભારે પડી રહ્યું છે. રાહુલ ગાંધીએ ભારતમાં શીખોને ધાર્મિક સ્વતંત્રતા ન હોવાનો આરોપ લગાવ્યા બાદ ભાજપના શીખ નેતાઓએ દિલ્હીમાં વિરોધ કર્યો હતો. આ દરમિયાન કોંગ્રેસે ભાજપના નેતા અને પૂર્વ ધારાસભ્ય તરવિંદર સિંહ મારવાહનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે રાહુલ ગાંધીના હાલ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી જેવા કરવાની ધમકી આપી રહ્યા છે.

કોંગ્રેસ પાર્ટીએ પોતાના ‘X’ હેન્ડલ પર વીડિયો શેર કર્યો છે. કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ અંગે પગલાં લેવા જણાવ્યું છે. કોંગ્રેસે લખ્યું, ‘‘દિલ્હી બીજેપીના નેતા અને પૂર્વ ધારાસભ્ય, તરવિંદર સિંહ મારવાહએ આજે વિરોધ પ્રદર્શન દરમિયાન કહ્યું, રાહુલ ગાંધી સુધરી જા નહીં તો ભવિષ્યમાં તારી સ્થિતિ પણ તારા દાદી જેવી જ થશે. આ બીજેપી નેતા ખુલ્લેઆમ દેશના પ્રતિપક્ષ નેતાને હત્યાની ધમકી આપી રહ્યોં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી, પોતાની પાર્ટીમાં આ નેતાની ધમકી પર તમે ચૂપ ન રહી શકો. આ ખૂબ જ ગંભીર મામલો છે. તમારી પાર્ટીની નફરતની ફેક્ટરીનું આ પ્રોડક્ટ છે. તેના પર કાર્યવાહી કરવી જ જોઈએ.નોંધનીય છે કે અમેરિકાની મુલાકાત દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ‘‘ભારતમાં શીખ સમુદાયમાં ચિંતા છે કે શું તેમને પાઘડી અને બ્રેસલેટ પહેરવાની મંજૂરી આપવામાં આવશે કે નહીં? શું તેઓ ગુરુદ્વારા જઈ શકશે? માત્ર શીખોને જ નહીં, પરંતુ તમામ ધર્મના લોકોને આવી ચિંતા છે.’’ ઉલ્લેખનીય છે કે તરવિંદર સિંહ મારવાહ બે વર્ષ પહેલા સુધી કોંગ્રેસમાં હતા. જુલાઈ ૨૦૨૨માં તેઓ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા.

### ૧૨ હજાર પોલીસકર્મી ખડેપગે રહેશે

# અમદાવાદ ૧૬-૧૭ સપ્ટેમ્બરે પોલીસ છાવણીમાં ફેરવાશે

## શહેરમાં ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાનનો પ્રવાસ અને બે મોટા તહેવારો હોવાથી ખાસ બંદોબસ્તમાં ગોઠવાશે

અમદાવાદ,તા.૧૨

શહેરમાં ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદીનો પ્રવાસ અને બે મોટા તહેવારો હોવાથી શહેર પોલીસને ખાસ બંદોબસ્તમાં ગોઠવી દેવાશે. જેમાં શહેરના કુલ ૧૨ હજાર પોલીસ કર્મચારીઓ ખડેપગે રહેશે. આ વખતે SRP અને બીજી ફોર્સ અન્ય રાજ્યમાં ચૂંટણી હોવાથી બહાર ગઈ છે.ત્યારે અમદાવાદ શહેરની તમામ પોલીસને આ મહત્ત્વના દિવસોમાં બંદોબસ્તમાં રોકવામાં આવી છે.સિનિયર અધિકારીઓની માગ અમદાવાદ પોલીસ તરફથી કરવામાં આવી હતી. જેમાં ચાર DCP અને ચાર ASPને અમદાવાદ માટે ફાળવવામાં આવ્યા છે.

આ અંગે અમદાવાદ શહેર પોલીસ દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી હોવાની વિગત શહેર પોલીસ કમિશનર દ્વારા જણાવવામાં આવી છે. શહેરના પૂર્વ વિસ્તારમાં ૧૬ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો GMDC ગ્રાઉન્ડમાં કાર્યકર્તાઓ સાથેનો કાર્યક્રમ યોજાનાર છે. જેમાં અંદાજે અઢી હજાર જેટલા પોલીસ કર્મચારીઓને નિયુક્ત કરવામાં આવ્યા છે. આ જ દિવસે અમદાવાદ શહેરમાં પૂર્વ વિસ્તારમાં કેટલીક જગ્યાએ ઈદ-એ-મિલાદના જુલુસ નીકળવાના છે. આ જુલુસ દરમિયાન પણ ખાસ વ્યવસ્થા પોલીસ દ્વારા કરવામાં આવી છે. શહેરમાં ઝોન ૨, ઝોન ૩, ઝોન ૫ અને ૬માં સ્થાનિક પોલીસની સાથે અન્ય જગ્યાની પોલીસ પણ ફાળવવામાં આવશે.

અધિકારી સુત્રોના જણાવ્યા પ્રમાણે શહેરમાં અંદાજે ૧૨ હજાર જેટલા પોલીસ કર્મચારીઓ ફરજ બજાવે છે અને આ બે દિવસ તમામ પોલીસ શહેરમાં ખાસ બંદોબસ્તમાં હાજર રહેશે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર જીએસ મલિકે મીડિયાને જણાવ્યું હતું કે, આ મામલે અમે તૈયારીઓ કરી લીધી છે અને કેટલોક વધારાનો સ્ટાફ માગવામાં આવ્યો છે જે અમને મળી ગયો છે. ચાર ડીસીપી અને ચાર એએસપી કક્ષાના અધિકારીઓ આ બે દિવસ અમદાવાદ શહેર પોલીસ સાથે કામ કરશે. બીજી તરફ SRP અને અન્ય ફોર્સ હાલ અન્ય રાજ્યમાં છે અને રાજ્યમાં બીજી જગ્યાએ પણ તહેવારો હોવાથી અમદાવાદ પોલીસનો સૌથી વધુ ઉપયોગ કઈ રીતે થાય તેનું આયોજન કરી દેવામાં આવ્યું છે.

૧૭મી સપ્ટેમ્બરે અમદાવાદ શહેરમાં ગણેશ વિસર્જન થવાનું છે.આ સમગ્ર વ્યવસ્થાને સિનિયર અધિકારીઓ દ્વારા મોનિટરિંગ અને વ્યવસ્થા સાથે જોડવામાં આવશે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા મેટ્રો રેલ નેટવર્કના બીજા તબક્કાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મેટ્રો રેલના બીજા તબક્કાના રૂટનો ૧૬ સપ્ટેમ્બરે સેકટર-૧થી શુભારંભ કરવામાં આવશે.મેટ્રો રેલવેનો બીજો તબક્કો શરૂ થશે. અમદાવાદના વાસણા એપીએમસીથી ગાંધીનગર સેક્ટર ૧ સુધીની મેટ્રો યાત્રાનું ભાડું રૂ. ૩૫ છે અને ૩૩.૫ કિ.મીનું અંતર ૬૫ મિનિટમાં પૂરું કરી શકાશે.

### ઈઝરાયલે વધુ એક દેશમાં એરસ્ટ્રાઈક કરી

# ઈઝરાયેલનો સીરિયાના બે વિસ્તારમાં એરસ્ટ્રાઈકની સાથે મિસાઈલ હુમલો

## કમાન્ડો ઓપરેશન કરવા સેના સીરિયામાં ઘૂસી, ઈરાન લાલઘૂમ

સીરિયા, તા.૧૨

હમાસી આતંકવાદીઓ પર આક્રમક બનેલા ઈઝરાયલે વધુ એક દેશમાં એરસ્ટ્રાઈક કરી છે. કમાન્ડો ઓપરેશન પાર પાડવા ઈઝરાયેલી સેના સીરિયામાં ઘૂસી હોવાના તેમજ ત્યાં ઈરાનના અધિકારીઓના અપહરણ કર્યા હોવાના અહેવાલો સામે આવ્યા છે. કમાન્ડોએ સીરિયાના પાંચ સૈન્ય સ્થળો ગ્રાઉન્ડ ઓપરેશન દરમિયાન મિસાઈલ એટેક પણ કરવામાં આવ્યો હોવાના અહેવાલ સામે આવ્યા છે. આ હુમલામાં સાત લોકોના મોત તેમજ ૧૫ લોકોને ઈજા થઈ છે. ઈઝરાયલની કાર્યવાહી બાદ ઈરાન લાલઘૂમ થયું છે. આ એરસ્ટ્રાઈક બાદ ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ઉગ્ર વિવાદ શરૂ થઈ ગયો છે.મળતા અહેવાલો મુજબ ઈઝરાયેલના કમાન્ડો ફોર્સે નવમી સપ્ટેમ્બરના સીરિયામાં ઘૂસ્યા હતા, જ્યાં તેમણે ઈરાનના અનેક અધિકારીઓના અપહરણ કર્યા છે. સીરિયાના મસયફ અને હામા વિસ્તારમાં ઈરાનને સમર્થન આપતા આતંકવાદીઓ રહે છે અને આ જ વિસ્તારમાં ઈરાનના અધિકારીઓ આવ્યા હતા. જ્યાં ઈઝરાયલે એરસ્ટ્રાઈક કર્યા બાદ ગ્રાઉન્ડ ઓપરેશન પાર પાડ્યું હોવાનું તેમજ મિસાઈલ એટેક પણ કર્યું હોવાના અહેવાલો સામે આવ્યા છે. સીરિયાની સમાચાર એજન્સી SANAના રિપોર્ટ મુજબ, ઈઝરાયેલના કમાન્ડોએ હામાના પશ્ચિમમાં મસયફને નિશાન બનાવાયું છે. મસયફ ઈરાની દળો અને ઈરાનને સમર્થન આપતા આતંકવાદીઓનો અડ્ડો હોવાનું પણ સામે આવ્યું છે. એજન્સીએ એવું પણ કહ્યું છે કે, કમાન્ડોના હુમલામાં સાત લોકોના મોત થયા છે, જ્યારે ૧૫ને ઈજા થઈ છે.મસયફ સ્થિત હોસ્પિટલના ડિરેક્ટરે મૃત્યુઆંકની પુષ્ટિ કરી હતી અને જણાવ્યું છે કે, કેટલાક ઈજાગ્રસ્તોની હાલત ગંભીર છે, મૃત્યુઆંક વધવાની સંભાવના છે. મસયફની સરકારી હોસ્પિટલના ડાયરેક્ટર ફૈસલ હૈદરે કહ્યું કે, ‘ઈઝરાયેલ દ્વારા મસયફમાં કેટલાક સ્થળો પર હુમલો કરાયો છે, જેમાં સાતના મોત અને ૧૯ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાં કેટલાકની હાલત ગંભીર છે.’મીડિયા રિપોર્ટ મુજબ ઈઝરાયેલી કમાન્ડોએ બેથી ચાર ઈરાની અધિકારીઓને કેટલીક સિસ્ટમ તેમજ દસ્તાવેજો સાથે ઉઠાવી લીધા છે. આ તમામ અધિકારીઓ મયસફમાં આવેલા સાન્ટિફિક રિસર્ચ સેંટરમાં હતા. કમાન્ડોએ સેન્ટરના ગાર્ડને પણ મોતને ઘાટ ઉતાર્યો છે. આ હુમલો ફાયટર જેટ્સ દ્વારા કરાયો હોવાનો તેમજ હામા વિસ્તારમાં હુમલો કર્યા બાદ હેલિકોપ્ટરથી ગ્રાઉન્ડ ઓપરેશન કરાયું હોવાની વિગતો પણ સામે આવી છે.

# ખેડૂતો માટે કેન્દ્ર સરકારની મોટી જાહેરાત, બે વર્ષ જૂની માંગણી થઈ પુર્ણ

## MSP પર સોયાબીનની ખરીદીના એ પ્રસ્તાવને સ્વીકૃતિ

નવી દિલ્હી, તા.૧૨

ખેડૂતોના હિત માટે ભારત સરકાર દ્વારા સતત પગલાં લેવામાં આવી રહ્યા છે. કેન્દ્રથી લઈને રાજ્ય સરકારો એવી અનેક યોજનાઓ લઈને આવે છે જેનાથી ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત બને. તેમને સશક્ત બનાવવામાં આવે. પછી ભલે તે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હોય કે ખેડૂતોને લગતી અન્ય યોજનાઓ હોય.

દેશના કરોડો ખેડૂતો આ યોજનાઓનો લાભ લઈ રહ્યા છે. આ વચ્ચે કેન્દ્ર સરકારે ફરી એક વખત ખેડૂતો માટે મોટી જાહેરાત કરી છે. ખેડૂતોની બે વર્ષ જૂની માંગણી થઈ પૂર્ણ થઈ ગઈ છે.

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહે કહ્યું કે કૃષિ અને ખેડૂત કલ્યાણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ખેડૂતોની સેવા અમારા માટે ભગવાનની પૂજા સમાન છે. છેલ્લા દિવસોમાં મધ્યપ્રદેશના ખેડૂતો ચિંતિત હતા.

સોયાબીન એમએસપીથી નીચે વેચાઈ રહ્યું હતું. અગાઉ અમે મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા રાજ્યોને મિનિમમ સપોર્ટ પ્રાઈઝ પર સોયાબીન ખરીદવાની મંજૂરી આપી હતી. ગઈકાલે રાત્રે જ મધ્યપ્રદેશ સરકારનો પ્રસ્તાવ આવ્યો હતો. MSP પર સોયાબીનની ખરીદીના એ પ્રસ્તાવને અમે સ્વીકૃતિ આપી દીધી છે. કૃષિ મંત્રીએ કહ્યું કે મધ્યપ્રદેશના ખેડૂતો પણ ચિંતા ન કરો, સોયાબીનની એમએસપીની જે રેટ છે તેના પર જ ખરીદવામાં આવશે. ખેડૂતોના પરસેવાની પુરી કિંમત આપવામાં આવશે. મધ્યપ્રદેશમાં પણ આ ખરીદી થશે. કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે બુધવારે ૧૧ સપ્ટેમ્બરના રોજ એક મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે દેશની કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખેડૂતોના હિતમાં સતત નિર્ણયો લઈ રહ્યા છે. તેમણે કહ્યું કે કૃષિ અને ખેડૂત કલ્યાણ પીએમ મોદીની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

### ઉધમપુરમાં સેનાએ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા

# ચૂંટણી પૂર્વે જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કર્યો

જમ્મુ-કાશ્મીર, તા.૧૨

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ૧૮મી સપ્ટેમ્બરે મતદાન થશે. તેના સાત દિવસ પહેલા ઉધમપુરમાં એન્કાઉન્ટર અને યુદ્ધવિરામનો ભંગ થયો છે. જમ્મુ-કાશ્મીરના અખનૂરમાં ૧૦-૧૧ સપ્ટેમ્બર દરમિયાનની મોડી રાત્રે ૨-૩૫ કલાક પાકિસ્તાનના જવાનોએ સરહદ પર યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. જોકે, વળતા પ્રહારમાં બીએસએફના જવાનોએ ફાયરિંગ કર્યું હતું. ફાયરિંગમાં બીએસએફનો એક જવાન ઘાયલ થયો છે. આ સિવાય, જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં સુરક્ષા દળો સાથેની જૂથ અથડામણમાં ત્રણ આતંકવાદી ઠાર થયા છે. ભારતીય સૈન્યે જણાવ્યું કે આર્મીના ફર્સ્ટ પેરાના જવાનોને બુધવારે સવારે ઉધમપુરના ખંડરા ટોપના જંગલોમાં ત્રણેક આતંકવાદી છુપાયા હોવાની માહિતી મળી હતી. ત્યાર પછી પોલીસ સાથે મળીને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતુ. બપોરે ૧૨-૫૦ કલાકે આતંકવાદીઓએ જવાનો પર ફાયરિંગ કર્યું હતું. જોકે, ત્વરિત જવાબી કાર્યવાહીના ભાગરુપે સૈન્યના જવાનોએ પણ ફાયરિંગ કર્યું હતું. લગભગ ચાર કલાક સુધી ચાલેલી જૂથ અથડામણમાં સુરક્ષા દળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. બોર્ડર સિક્યોરિટી ફોર્સ(બીએસએફ)ના પ્રવક્તાએ જણાવ્યું કે, જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનને થયેલા નુકસાનની હમણાં સુધી કોઈ જાણકારી નથી. આ ઘટના પછી બીએસએફના જવાનો બોર્ડર પર ચુસ્ત દેખરેખ રાખી રહ્યા છે. સુરક્ષા દળોને એલર્ટ મોડ પર રાખવામાં આવ્યા છે. અહીંયા નોંધવું રહ્યું કે, ભારત-પાકિસ્તાનની વચ્ચે ૨૦૨૧માં યુદ્ધવિરામ કરાર રિન્યુ થયો હતો. આ અંતર્ગત બંને દેશોએ જાહેરાત કરી હતી કે એ જમ્મુ-કાશ્મીર અને અન્ય ક્ષેત્રોમાં એલઓસી પર યુદ્ધવિરામ પર તમામ કરારનું ચુસ્ત રીતે પાલન કરશે, પરંતુ પાકિસ્તાને ફરી એક વાર અવળચંડાઈ કરી છે.

### રાહુલે અમેરિકામાં આપેલા નિવેદન મુદ્દે ભડક્યા ઉપરાષ્ટ્રપતિ

# રાહુલ ગાંધીને દેશના બંધારણની કોઈ જાણકારી નથી : ધનખડ

### સાચો ભારતીય દેશના દુશ્મનોને સમર્થન આપતો નથી : ધનખડ

નવી દિલ્હી, તા.૧૨

ઉપાધ્યક્ષ જગદીપ ધનખડે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું છે. થોડા દિવસ પહેલા રાહુલ ગાંધીએ અમેરિકાના પ્રવાસ દરમિયાન અનામત અંગે ટિપ્પણી કરી હતી. ઉપરાષ્ટ્રપતિએ તેમની ટિપ્પણીનો જવાબ આપી કહ્યું કે, બંધારણીય પદ પર રહેલા વ્યક્તિ દેશના દુશ્મનો સાથે જોડાય, તે વધુ નિંદનીય છે. મને એ વાતથી દુ:ખ થયું છે કે, પદ પર બેઠેલા કેટલાક લોકોને રાષ્ટ્રીય હિત વિશે કોઈ ખ્યાલ નથી.

રાજ્યસભા ઈન્ટર્નશિપ પ્રોગ્રામની ત્રીજી બેચના સામેલ થનારાઓને સંબોધતા ઉપરાષ્ટ્રપતિએ કોઈનું નામ લીધા વિના કહ્યું કે, 'જો આપણે સાચા ભારતીય છીએ, તો આપણે ક્યારેય દેશના દુશ્મનોને સમર્થન આપીશું નહીં. તેમને દેશના બંધારણની કોઈ જાણકારી નથી. તેઓ આપણા રાષ્ટ્રીય હિત વિશે પણ કશું જાણતા નથી. મને ખાતરી છે કે, તમે જે જોઈ રહ્યા છો, તે જોઈ તમારું લોહી ઉકળતું હશે.'

તેમણે કહ્યું કે, 'લોકોએ આઝાદી માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું છે, માતાઓએ પુત્રો ગુમાવ્યા છે, પત્નીઓએ પતિ ગુમાવ્યા છે, તેથી આપણે આપણા રાષ્ટ્રવાદની મજાક ન ઉડાવી શકીએ. દરેક ભારતીયે દેશની બહાર રાષ્ટ્રના રાજદૂત બનવું પડશે. એ દુ:ખદ વાત છે કે, બંધારણીય પદ પર બેઠેલા વ્યક્તિ તેનાથી ઉલટું કરી રહ્યા છે. તેનાથી પણ વધુ તેઓ દેશના દુશ્મનોનો ભાગ બની રહ્યા છે, જે તદન નિંદનીય, ઘૃણાસ્પદ બાબત છે.'

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ અમેરિકાની મુલાકાત દરમિયાન કહ્યું હતું કે, જ્યારે ભારત ભેદભાવયુક્ત દેશ બનશે, ત્યારે જ કોંગ્રેસ અનામત ખતમ કરવા માટે વિચારશે. જ્યોર્જટાઉન યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે કહ્યું હતું કે, જ્યારે તમે નાણાકીય આંકડા જુઓ છો, ત્યારે આદિવાસીઓને ૧૦૦ રૂપિયામાંથી ૧૦ પૈસા મળે છે. દલિતોને ૧૦૦ રૂપિયામાંથી પાંચ રૂપિયા મળે છે અને અન્ય પછાત વર્ગ (ંજ્ઞ)ને પણ લગભગ એટલી જ રકમ મળે છે. સત્ય એ છે કે તેમને યોગ્ય ભાગીદારી મળતી જ નથી.

### ૫૮ રન બનાવતા જ તૂટી જશે આ મહારેકોર્ડ

# ૧૪૭ વર્ષનો ઈતિહાસ બદલવા માટે તૈયાર વિરાટ કોહલી

### ટીમ ઈન્ડિયા બાંગ્લાદેશ સામે ૨ મેચોની ટેસ્ટ સીરીઝ રમશે

નવી દિલ્હી, તા.૧૨

ક્રિકેટ જગતમાં વિરાટ કોહલીની તુલના હંમેશા સચિન તેંડુલકર સાથે કરવામાં આવે છે. ચાહકો અને ક્રિકેટ એક્સપર્ટ જે પણ કહે પરંતુ વિરાટ કોહલીનું કહેવું છે કે, હું સચિનને ટીવી પર જોતા મોટો થયો છું. આવી સ્થિતિમાં સચિન સાથે તેની તુલના કરવી અન્યાય થશે. સચિને ભારતીય ટીમમાંથી સંન્યાસ લીધોને ઘણા વર્ષો થઈ ગયા છે. જ્યારે કિંગ કોહલી હજુ પણ દેશ માટે ઈન્ટરનેશનલ લેવલ પર રમી રહ્યો છે. અહીં તે ક્રિકેટના બે ફોર્મેટ, ODI અને ટેસ્ટમાં સક્રિય છે, જ્યારે T20 વર્લ્ડ કપ ૨૦૨૪ની સફળતા સાથે જ તેણે T20 ફોર્મેટને અલવિદા કહી દીધું છે.

ટીમ ઈન્ડિયા ટૂંક સમયમાં જ બાંગ્લાદેશ સામે ૨ મેચોની ટેસ્ટ સીરીઝ રમશે. જો અહીં વિરાટ કોહલીની બેટ ચાલી તો તે એક રેકોર્ડ પોતાના નામે કરી લેશે. હાલમાં ઈન્ટરનેશનલ સ્તર પર સૌથી ફાસ્ટ ૨૭,૦૦૦ રન બનાવવાનો ખાસ રેકોર્ડ સચિન તેંડુલકરના નામ પર છે. તે ૬૨૩ ઈનિંગ્સ (૨૨૬ ટેસ્ટ ઈનિંગ્સ, 396 ODI ઈનિંગ્સ અને 1 T20) બાદ ૨૭,૦૦૦નો આંકડા પર પહોંચ્યો હતો. હવે જો આવનારી સીરીઝમાં વિરાટ કોહલી ૫૮ રન બનાવશે તો તે સચિનનો આ રેકોર્ડ તોડી નાખશે અને આ ખાસ ઉપલબ્ધિ પોતાના નામે કરી લેશે. હાલમાં તે દેશ માટે ૫૯૧ ઈનિંગ રમ્યો છે અને ૨૬,૯૪૨ રન બનાવ્યા છે. એવું નથી કે, કોહલી બાંગ્લાદેશ સામે ૫૮ રન ન બનાવી શકશે તો તે આ ખાસ ઉપલબ્ધિથી ચૂકી જશે. સચિનનો આ ખાસ રેકોર્ડ તોડવા માટે તેની પાસે પૂરતી તક છે. એવી પૂરી શક્યતા દેખાઈ રહી છે કે, આગામી સીરીઝમાં કોહલી સચિનની આ ખાસ ઉપલબ્ધિ પોતાના નામે કરી લેશે. આવું કરતા જ કોહલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ૧૪૭ વર્ષના ઈતિહાસમાં ૬૦૦થી ઓછી ઈનિંગ્સમાં ૨૭,૦૦૦ રન સુધી પહોંચનાર પ્રથમ ક્રિકેટર પણ બની જશે. હાલના સમયમાં સચિન તેંડુલકર ઉપરાંત ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગ અને પૂર્વ શ્રીલંકન ક્રિકેટર કુમાર સંગાકારાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૭૦૦૦થી વધુ રન બનાવ્યા છે.

### અમેરિકામાં ચીનના મુદ્દે મોદી સરકાર પર વિપક્ષના નેતાના પ્રહારો

# ચીને ભારતનો ૪,૦૦૦ ચો. કિમી પ્રદેશ હડપ કર્યો છે: રાહુલ ગાંધી

### અમેરિકાની યાત્રા પર ગયેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ નરેન્દ્ર મોદી સરકાર પર પ્રહાર ચાલુ રાખતાં વોશિંગ્ટનમાં દાવો કર્યો હતો

નવી દિલ્હી, તા.૧૨

અમેરિકાની યાત્રા પર ગયેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ નરેન્દ્ર મોદી સરકાર પર પ્રહાર ચાલુ રાખતાં વોશિંગ્ટનમાં દાવો કર્યો હતો કે સરકાર ચીન સંઘર્ષના મુદ્દાનો સામનો કરવામાં નિષ્ફળ ગઈ છે અને પડોશી દેશના લશ્કરી દળોએ ભારતનો ૪,૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તાર હડપ કરી લીધો છે, જે આપત્તિજનક છે. રાહુલ ગાંધી યુએસ કેપિટોલ (સંસદભવન)માં સાંસદોના એક ગ્રૂપને મળ્યાં હતા અને વિવિધ મુદ્દાની ચર્ચાવિચારણા કરી હતી. આની સાથે સાથે વિપક્ષના નેતાએ સંકેત આપ્યો કે કોંગ્રેસ અમેરિકા ખાતેના સંબંધો, આતંકવાદનો અંત ન આવે ત્યાં સુધી પાકિસ્તાન સાથે કોઈ વાતચીત નહીં, બાંગ્લાદેશમાં કટ્ટરવાદી તત્વો અંગેની ચિંતા જેવા વિદેશ નીતિના મુખ્ય મુદ્દાઓ સાથે ભાજપ સરકાર સાથે સંમત છે. મંગળવારે પ્રતિષ્ઠિત નેશનલ પ્રેસ ક્લબ ખાતે એક પ્રેસ કોન્ફરન્સમાં રાહુલ ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ ભારતના આંતરિક મામલામાં અમેરિકાની કોઈ ભૂમિકા ઈચ્છતા નથી. ચીન અંગેના સવાલના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે અમારા ૪,૦૦૦ ચોકિમી પ્રદેશમાં ચીનના સૈનિકોનો કબજો છે. ચીનના લશ્કરી દળોએ લદ્દાખમાં દિલ્હીના કદનો વિસ્તાર હડપ કરી લીધો છે. મને લાગે છે કે તે આપત્તિજનક છે. મીડિયાને તેના વિશે લખવાનું પસંદ નથી. જો કોઈ પાડોશી તમારા પ્રદેશના ૪,૦૦૦ ચોરસ કિલોમીટર પર કબજો કરે તો અમેરિકા કેવી પ્રતિક્રિયા આપશે?શું કોઈ પણ પ્રમુખ એમ કહીને છટકી શકશે કે તેમણે તે મુદ્દાનો સારી રીતે સામનો કર્યો છે? તેથી મને નથી લાગતું કે મોદીએ ચીનને સારી રીતે હેન્ડલ કર્યું છે. મને લાગે છે કે ચીનના સૈનિકો આપણા વિસ્તારમાં અડ્ડો જમાવે તેનું કોઈ કારણ નથી. યુ.એસ.ની ચાર દિવસની બિનસત્તાવાર મુલાકાતે રહેલા કોંગ્રેસ નેતાએ જણાવ્યું હતું કે પાકિસ્તાન અમારા દેશોમાં ત્રાસવાદીની ઉશ્કેરણી કરે છે. પાકિસ્તાન અમારા દેશમાં આતંકવાદી કૃત્યો કરે તેને અમે સ્વીકારી શકીએ નહીં. અમે તેને સ્વીકારવાના નથી. પાકિસ્તાન આવું ચાલુ રાખશે ત્યાં સુધી બંને દેશો વચ્ચે સમસ્યા રહેશે. કાશ્મીર મુદ્દો દક્ષિણ એશિયાના બે દેશોને વાતચીતથી દૂર કરી રહ્યો છે તેવા સવાલનો તેમણે નકારમાં જવાબ આપ્યો હતો.

### ભારે વરસાદને કારણે તેલિબિયા પાકને નુકસાન થયુ છે

# રાજયમાં સીંગતેલ સિવાય અન્ય ખાદ્યતેલના ભાવમાં ધરખમ વધારો થયો

### એક સપ્તાહમાં ડબ્બે રૂપિયા ૭૫નો વધારો થયો છે જ્યારે પામ ઓઈલમાં એક સપ્તાહમાં રૂપિયા ૬૦નો વધારો થયો છે

અમદાવાદ, તા.૧૨

રાજ્યમાં સીંગતેલ સિવાય અન્ય ખાદ્યતેલના ભાવમાં ધરખમ વધારો થયો છે. ભારે વરસાદને કારણે તેલિબિયા પાકને નુકસાન થયુ છે. આ તરફ સિંગતેલમાં ૪૦ રૂપિયાનો ઘટાડો થયો છે. જ્યારે કપાસિટા તેલામાં એક સપ્તાહમાં ડબ્બે રૂપિયા ૭૫નો વધારો થયો છે જ્યારે પામ ઓઈલમાં એક સપ્તાહમાં રૂપિયા ૬૦નો વધારો થયો છે.

રાજ્યમાં ફરી ખાદ્યતેલના ભાવમાં વધારો થયો છે. જનતા પર વધુ એક મોંઘવારીનો માર ઝીકાયો છે. હાલ ચોમાસા બાદ શાકભાજીના ભાવો આસમાને છે અને જીવન જરૂરી તમામ ચીજવસ્તુઓના ભાવ વધ્યા છે ત્યારે સીંગતેલને છોડીને અન્ય ખાદ્યતેલના ભાવમાં વધારો કરાયો છે. જો કે રાહતની વાત એ છે તે સીંગતેલના ભાવમાં રૂપિયા ૪૦નો ઘટાડો કરાયો છે. અન્ય તેલમાં કરાયેલા ભાવ વધારાની વાત કરીએ તો કપાસિયા તેલમાં એક સપ્તાહમાં ડબ્બે રૂપિયા ૭૫નો વધારો કરાયો છે જ્યારે પામોલીવ તેલમાં એક સપ્તાહમાં ૬૦ રૂપિયાનો વધારો કરાયો છે. કપાસિયા તેલનો ડબ્બાનો ભાવ ૧૭૯૦ રૂપિયાથી વધીને ૧૮૮૫ રૂપિયા થયો છે. પામોલીવ તેલનો ડબ્બો ૧૬૦૫ રૂપિયા થી વધીને ૧૬૮૫ રૂપિયા થયો છે. રાયડાના તેલમાં પણ ૫૦ રૂપિયાનો ભાવ વધારો થયો તો કોપરેલમાં પણ ૧૨૦ રૂપિયાનો ભાવ વધારો કરાયો છે. વરસાદથી તેલબિયા પાકો અને નુકસાનીના અંદાજ લઈને ભાવમાં સતત વધારો થયો છે. ગુજરાતમાં ભારે વરસાદને કારણે તેલિબિયા પાકોમાં મોટા પ્રમાણમાં નુકસાન થયુ છે. જેને લઈને અલગ અલગ તેલના ભાવમાં ઉછાળો આવ્યો છે. એડિબલ ઓઈલ એસોસિએશનના પ્રમુખ કિરીટ શાહના જણાવ્યા મુજબ રાજ્યમાં આ વર્ષે કપાસનું ઓછુ વાવેતર થયુ છે. મગફળીની સરખામણીએ કપાસનું ઓછુ વાવેતર થતા ઉત્પાદનમાં ઘટાડો થાય તેવી શક્યતા છે. તો બીજી તરફ કપાસના પાકમાં ગુલાબી ઈયળનો રોગ આવી જતા વાવેતર પણ ઓછુ થઈ રહ્યુ છે અને ખેડૂતો મગફળી તરફ વળ્યા છે. આ જ કારણોથી કપાસીયા અને તેલિબિયાના ભાવ વધ્યા છે જ્યારે સિંગતેલના ભાવ ઘટ્યા છે. બીજી તરફ રાજ્યમાં ભારે વરસાદને કારણે તેલિબિયા પાકને નુકસાન થયુ છે. જેના કારણે પણ ઉત્પાદન ઘટ્યુ છે.

# પેરિસ પેરાલિમ્પિકના ખેલાડીઓ સાથે પીએમ મોદીની મુલાકાત

### પેરાલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા અવની લેખારાએ વડાપ્રધાન મોદીને સાઈન કરેલી ભારતીય જર્સી આપી

નવી દિલ્હી, તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના નિવાસસ્થાને પેરિસ પેરાલિમ્પિક્સમાં ભાગ લેનારા ખેલાડીઓને મળ્યા હતા. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ રમતગમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. ભારતે પેરિસ પેરાલિમ્પિક ગેમ્સમાં સાત ગોલ્ડ, નવ સિલ્વર અને ૧૩ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૨૯ મેડલ જીત્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના નિવાસસ્થાને પેરિસ પેરાલિમ્પિક્સમાં ભાગ લેનારા ખેલાડીઓને મળીને શાનદાર પ્રદર્શન માટે શુભેચ્છા પાઠવી હતી. ભારતને પેરિસ પેરાલિમ્પિક ગેમ્સમાં કુલ ૨૯ મેડલ જીત્યા છે. સ્પોર્ટ્સ મિનિસ્ટ્રી દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેડલ વિજેતાઓ સાથે વાત કરતા પહેલા અભિનંદન આપતા જોવા મળે છે. આ દરમિયાન ખેલાડીઓએ વડાપ્રધાનને ખાસ વસ્તુઓ ભેટમાં આપી હતી. પેરાલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા અવની લેખારાએ વડાપ્રધાન મોદીને સાઈન કરેલી ભારતીય જર્સી આપી હતી.

પેરિસ પેરાલિમ્પિકમાં ભાગ લેનારા ખેલાડીઓ સાથેની વાતચીત દરમિયાન રમતગમત મંત્રી મનસુખ માંડવિયા અને ભારતીય પેરાલિમ્પિક સમિતિના વડા દેવેન્દ્ર ઝાઝરિયા પણ હાજર હતા. મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલમાં સુવર્ણ ચંદ્રક જીતનાર અવની લેખા અને કપિલ પરમાર સહિત અન્ય ખેલાડીઓ સાથે વડાપ્રધાન ફોટો પડાવ્યાં. આ દરમિયાન પરમારે પોતાના મેડલ પર વડાપ્રધાનની સહી પણ લીધી હતી.

ભારતની ૮૪ સભ્યોની ટુકડીએ પેરિસ ગેમ્સમાં ભાગ લીધો હતો, જેણે ત્રણ વર્ષ પહેલાં ટોક્યો ગેમ્સમાં હાંસલ કરેલા ૧૯ મેડલના પ્રદર્શન કરતા આ વખતે સારુ પ્રદર્શન જોવા મળ્યું છે. જેમાં ભારતે પહેલી વખત એથલેટિક્સની ટ્રેક સ્પર્ધામાં મેડલ જીતવા ઉપરાંત, તીરંદાજીમાં પ્રથમ વખત ગોલ્ડ મેડલ જીત્યો છે. આમ ભારતે પેરિસ પેરાલિમ્પિક ગેમ્સમાં સાત ગોલ્ડ, નવ સિલ્વર અને ૧૩ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૨૯ મેડલ જીત્યા છે.

પેરિસથી પરત ફર્યા બાદ ખેલાડીઓનું સરકાર દ્વારા સમ્માન કરવામાં આવી રહ્યું છે. જેમાં માંડવિયા દ્વારા ગોલ્ડ મેડલ વિજાતાને ૭૫ લાખ રૂપિયા, સિલ્વર મેડલ વિજેતાઓને ૫૦ લાખ રૂપિયા અને બ્રોન્ઝ મેડલ વિજેતાઓને ૩૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. મિક્સ્ડ ટીમ ઈવેન્ટ્સમાં રાકેશ કુમાર સાથે કાંસ્ય પદ જીતનાર શીતલ દેવી સહિતના ખેલાડીઓને ૨૨.૫ લાખ રૂપિયાની રકમ અપાઈ છે.

### કોંગ્રેસ પક્ષની માંગણી

# અદાણી કેસમાં ભ્રષ્ટાચારની તપાસ માટે તાકીદે જેપીસીની તપાસ જરૂરી

### કોંગ્રેસે ફરી એક વખત અદાણી કેસમાં ભ્રષ્ટાચારની તપાસ સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી)ને સોંપવાની માંગ કરી છે

મુંબઈ, તા.૧૨

કોંગ્રેસે ફરી એક વખત અદાણી કેસમાં ભ્રષ્ટાચારની તપાસ સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી)ને સોંપવાની માંગ કરી છે. પક્ષે જણાવ્યું હતું કે, દેશની નિયમન વ્યવસ્થામાં રહેલા છીંડા, ભ્રષ્ટાચાર અને મોનોપોલીના તમામ પાસાંની સઘન ચકાસણી માટે તાકીદે જેપીસી તપાસ જરૂરી છે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી જયરામ રમેશે મીડિયાના એક અહેવાલને ટાંકીને જણાવ્યું હતું કે, "ડાયમંડ પાવર ઈન્ફ્રા લિમિટેડને ૨૦૧૮માં બેન્કરપ્સી કોર્ટમાં લઈ જવામાં આવી હતી. ૨૦૨૨માં ગૌતમ અદાણીના સાળાએ ૨૧,૦૦૦ કરોડનું માર્કેટ-કેપ ધરાવતી કંપની ધિરાણકારોને ૨૫૦૧ કરોડ ચૂકવી ટેકઓવર કરી હતી. ૨૦૨૨માં કંપનીનો બિઝનેસ શૂન્ય હતો, પણ ૨૦૨૩-૨૪માં તેની આવક ૨૩૪૪ કરોડ નોંધાઈ હતી. જેનો મોટો હિસ્સો અદાણી જૂથના બિઝનેસે આપેલા ઓર્ડરનો હતો. અદાણીના બિઝનેસને કારણે ડાયમંડ પાવર ઈન્ફ્રાનું મૂલ્ય સાત ગણું વધીને ૨૭,૬૨૬ કરોડ થયું છે." રમેશે દાવો કર્યો હતો કે, "સાળાની માલિકી સાથેના વ્યવહાર રિલેટેડ પાર્ટી સોદા હેઠળ આવતા નથી. એટલે કંપનીએ તેના માલિકો સાથેનો સંબંધ વાર્ષિક અહેવાલમાં દર્શાવ્યો નથી. ભ્રષ્ટાચારને સંપૂર્ણપણે ખુલ્લો પાડવા મોદાણી મેગા સ્કેમની જેપીસી તપાસ તાકીદે જરૂરી છે." હિંડનબર્ગના પ્રકરણથી કોંગ્રેસ સતત અદાણી જૂથ પર આરોપો મૂકી રહી છે. જોકે, અદાણી જૂથે તમામ આરોપો ફગાવ્યા છે. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઈ) માટે તેમના રોકાણના લાભાર્થી માલિકની માહિતી જાહેર કરવા ૯ સપ્ટેમ્બર છેલ્લી તારીખ હતી ત્યારે કોંગ્રેસે બુધવારે સેબીને પ્રશ્ર કર્યો હતો કે, અદાણીના કેસમાં એફપીઆઈએ આવી માહિતી આપી છે? સેબીને નવો નિયમ લાવતા ૧૮ મહિના કેમ લાગ્યા? કોંગ્રેસના જનરલ સેક્રેટરી જયરામ રમેશે જણાવ્યું હતું કે, "એફપીઆઈની ૯ સપ્ટેમ્બરની સમયમર્યાદાને બે દિવસ વીતી ચૂક્યા છે. મોરિશિયસના બે એફપીઆઈ મોદાણી મેગા સ્કેમનો ભાગ હોવાથી અમે થોડા દિવસ પહેલાં આ મુદ્દો ઉઠાવ્યો હતો. બંને એફપીઆઈએ વિદેશી રોકાણના નવા નિયમમાંથી તાકીદે મુક્તિ આપવા સિક્યોરિટીઝ એપેલેટ ટ્રિબ્યુનલમાં અરજી કરી હતી." રમેશે પ્રશ્ર કર્યો હતો કે, "તમામ એફપીઆઈએ નવા નિયમ હેઠળ વિગત આપવાની છે? એવું હોય તો કયા એફપીઆઈ તેમાં નિષ્ફળ રહ્યા છે?"

### સરકારી અને ખાનગી બંદરો પર લાગુ થશે

# સરકાર લાવી રહી છે નવી શિપબિલ્ડિંગ નીતિ

### ગુજરાત રાજ્યનો વિશાળ દરિયાકાંઠો તેના મહત્તમ ઉપયોગ માટે એક નવી નીતિ હેઠળ આગળ વધશે

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતનો વિશાળ દરિયાકાંઠો તેના મહત્તમ ઉપયોગ માટે એક નવી નીતિ હેઠળ આગળ વધશે. ગુજરાત સરકાર શિપબિલ્ડિંગ ઉદ્યોગને મજબૂત કરવા માટે નવી શિપબિલ્ડિંગ નીતિ ઘડી રહી છે. જેમાં રાજ્ય સરકાર ૧૦% વધારાનો નાણાકીય સહાય આપશે. આ નીતિ કેન્દ્ર સરકારની નીતિને આધારિત હશે. પરંતુ રાજ્ય દ્વારા વધારાની સહાય સરકારી અને ખાનગી બંદરો બંનેમાં લાગુ કરાશે.

ગુજરાતના દરિયાકાંઠા પર વધુ શિપબિલ્ડિંગ સવલતો વિકસાવવા અને શિપબિલ્ડિંગ ઉદ્યોગને પ્રોત્સાહિત કરવા માટે રાજ્ય સરકાર મહત્વની કામગીરી હાથ ધરવા જઈ રહી છે. આ નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય છે કે સરકારી અને ખાનગી બંદરોમાં વધુ શિપબિલ્ડિંગ યાર્ડ્સ ઉભા કરવામાં આવે. રાજ્યના વિવિધ બંદરો પર શિપબિલ્ડિંગ સવલતો વિકસાવવી માટે રાજ્ય સરકાર કેન્દ્રીય નીતિ હેઠળ મળતી નાણાકીય સહાયની સાથે વધારાના ૧૦% ટોપ-અપ સહાય આપશે. પ્રસ્તાવિત નીતિમાં નાણાકીય તેમજ બિન-નાણાકીય પ્રોત્સાહનનો સમાવેશ કરાયો છે. તેમાં ૨૦૨૬ સુધી માટે ગુજરાત સરકારે ભારતીય શિપયાર્ડ્સને કેન્દ્રીય સહાય સાથે વધારાની ૧૦% સહાય આપવાની દરખાસ્ત કરી છે. રાજ્ય સરકાર આ સહાયના અમલ માટે ચાર વ્યાપક મોડેલ ઘડી રહી છે, જેમાં દરિયાકાંઠાના સાધનોના ક્લસ્ટર બનાવવા અને રાજ્યની અંદર મજબૂત શિપબિલ્ડિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાનું કામ સામેલ છે. આ નીતિનું મહત્વના પાયે અમલ કરવાથી સરકારી અને ખાનગી બંદરોમાં મજબૂત અને આધુનિક શિપબિલ્ડિંગ યાર્ડ્સ ઊભા થશે. શિપબિલ્ડરો માટે ઈન-હાઉસ ડિઝાઈન અને સંશોધન સુવિધાઓમાં રોકાણ કરવા માટે રાજ્ય સરકાર તેમની સ્પર્ધાત્મકતા વધારવા સંયુક્ત સાહસો અને ટેકનિકલ સહયોગની દિશામાં પણ પ્રોત્સાહન આપશે.સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, નવી શિપબિલ્ડિંગ નીતિનો અમલ ગુજરાત મેરીટાઈમ બોર્ડના બંદરો ઉપરાંત ખાનગી બંદરોમાં પણ થશે. રાજ્ય સરકાર વધારાની સહાય સાથે રાજ્યના શિપબિલ્ડિંગ ઉદ્યોગને વધુ મજબૂત બનાવવાનું આયોજન કરી રહી છે. આ નીતિ હેઠળ, શિપબિલ્ડિંગ માટેની પ્રારંભિક સવલતો, નાણાકીય સહાય અને લીઝ ભાડું માફ કરવામાં આવશે. ગુજરાતમાં સૌથી વિશાળ દરિયાકાંઠો છે અને આ ઉદ્યોગના વિકાસ સાથે રાજયના પર્યટન, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોજગાર ક્ષમતામાં પણ વધારો થશે.

### પ્રવેશ પરીક્ષા જિલ્લા કક્ષાના કેન્દ્ર પર લેવામાં આવનાર

# ગુજરાત શિક્ષણ બોર્ડે જાહેર કર્યું GUJCETનું શિડ્યુલ

### આગામી ૨૩ માર્ચ ૨૦૨૫ ના રોજ ગુજકેટની પરીક્ષા યોજાશે : ગુજરાત શિક્ષણ બોર્ડ દ્રારા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ૨૦૨૫નું ટાઈમ ટેબલ જાહેર કયુ છે

અમદાવાદ, તા.૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ૨૦૨૫નું શેડ્યૂલ બહાર પાડ્યું છે. રસ ધરાવતા ઉમેદવારો વેબસાઈટ પર શેડ્યૂલ જોઈ શકે છે. આગામી ૨૩ માર્ચ ૨૦૨૫ ના રોજ ગુજકેટની પરીક્ષા યોજાશે. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ૨૦૨૫ નું ટાઈમ ટેબલ જાહેર કયુ છે જેમાં આ પરીક્ષા ૨૩ માર્ચના લેવામાં આવનાર છે પરીક્ષાનો સમય સવારે ૧૦ થી સાંજે ચાર વાગ્યા સુધીનો રહેશે. આ પ્રવેશ પરીક્ષા જિલ્લા કક્ષાના કેન્દ્ર પર લેવામાં આવનાર છે. GUJCET પરીક્ષા માટે અરજી કરવા માટે, વિદ્યાર્થીની ઉંમર ઓછામાં ઓછી ૧૭ વર્ષ હોવી આવશ્યક છે. ઉપરાંત, ઉમેદવારોએ ધોરણ ૧૨માં ગણિત અને ભૌતિકશાષા (ફરજિયાત વિષય)નો અભ્યાસ કર્યો હોવો જોઈએ. જ્યારે અન્ય વિષયોમાં કોમ્પ્યુટર, જીવવિજ્ઞાન અને રસાયણશાષા જેવા વિષયોમાં લઘુત્તમ ગુણ ૪૫ ટકા હોવા જોઈએ જ્યારે અનામત શ્રેણી માટે તે ૪૦ ટકા છે.

અરજીઓ ૩જી જાન્યુઆરી ૨૦૨૫થી શરૂ થશે અને છેલ્લી તારીખ ૨જી ફેબ્રુઆરી ૨૦૨૫ છે. એડમિટ કાર્ડ માર્ચમાં બહાર પાડવામાં આવશે અને આન્સર કી ૪ એપ્રિલની આસપાસ રિલીઝ થઈ શકે છે. ફાઈનલ આન્સર કી પણ એપ્રિલમાં આવશે અને તે પછી મે મહિનામાં પરિણામ જાહેર થઈ શકે છે.

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગ્રુપ છ અને ગ્રુપ B અને ગ્રુપ AB ના વિદ્યાર્થીઓ દર વર્ષે એન્જિનિયરિંગ અને ફાર્મસીમાં પ્રવેશ માટે આ પરીક્ષા આપે છે. ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષા પછી, ગુજકેટની પરીક્ષા અંતિમ તબક્કામાં લેવામાં આવે છે. દર વર્ષે આ પરીક્ષા ગુજરાત બોર્ડની પરીક્ષા પૂરી થયા બાદ એપ્રિલ મહિનામાં લેવામાં આવે છે, આ વખતે બોર્ડની પરીક્ષાની વહેલી તારીખને કારણે બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષાની તારીખ પણ જાહેર કરવામાં આવી છે.

પરીક્ષા ફોર્મ અને માહિતી પુસ્તિકા ટૂંક સમયમાં સત્તાવાર વેબસાઈટ પર બહાર પાડવામાં આવશે. આ પરીક્ષામાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને ગણિતમાંથી પ્રશ્નો પૂછવામાં આવે છે.

### જૂનાગઢમાં મનપા કચેરીમાં પડાપડી

# નિ:શુલ્ક મળતી કચરાની ડોલ લેવા લોકોમાં પડાપડી

### મહાનગરપાલિકા દ્વારા ચાલુ વર્ષનો વેરો ભર્યો હોય તેને જ ડોલનું વિતરણ કરાયું : શરમજનક દ્રશ્યો જોવા મળ્યા

જૂનાગઢ, તા.૧૨

જુનાગઢ મનપાની ઝોલન કચેરીમાં કચરાની ડોલ લેવા માટે લોકોએ પડાપડી કરી. મહાનગરપાલિકા દ્વારા આ અપાતી નિ:શુલ્ક ડોલ લેવા માટે લોકો ઉમટી પડ્યા હતા. મહાનગરપાલિકા દ્વારા ચાલુ વર્ષનો વેરો ભર્યો હોય તેને જ ડોલનું વિતરણ કરવામાં આવે છે. શહેરની અલગ અલગ ઝોનલ ઓફિસ ખાતે હાલ ડોલનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે. જેમા ભીના અને સૂકા કચરા માટે અલગ અલગ ડોલ આપવામાં આવે છે.

ટીંબાવાડી ઝોનલ ઓફિસ ખાતે ડોલ લેવા માટે ધક્કા મુક્કી અને અફરાતફરી મચી ગઈ હતી. વિતરણ વ્યવસ્થામાં ડખો થતા મહિલાઓએ ધક્કા મુક્કી કરી ડોલ લઈ લીધી હતી. મનપાના કર્મચારીએએ આ સમગ્ર મામલે કમિશનર સહિતનાઓને રજૂઆત કરી હતી.

છેલ્લા પાંચ દિવસથી ડોલનું વિતરણ શરૂ કરવામાં આવ્યુ છે. તમામ જગ્યાએ ડોલ લેવા માટે માટે લાંબી લાઈનો લાગી રહી છે. છેલ્લા પાંચ દિવસથી શહેરની વિવિધ ઝોનલ ઓફિસ ઢઢદ્વારા કચરાની ડોલનુ વિતરણ થઈ રહ્યુ છે. જો કે આજે રીતસર જાણે ડોલોને લૂંટ મચી ગઈ હોય તે પ્રકારના દશ્યો સામે આવ્યા હતા. જે ઘણુ જ શરમજનક પણ કહી શકાય. સોશિયલ મીડિયામાં પણ ડોલોની લૂંટનો આ વીડિયો વાયરલ થયો છે.

### પીએમ મોદીએ ગણેશ પૂજામાં ભાગ લીધો

# CJI DY ચંદ્રચુડના ઘરે પહોંચ્યા વડાપ્રધાન મોદી

નવી દિલ્હી, તા.૧૨

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે નવી દિલ્હીના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડના નિવાસસ્થાને ગણપતિ પૂજામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે પીએમ મોદીએ ભગવાન ગણેશની આરતી પણ કરી હતી. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પરંપરાગત મરાઠી સફેદ ટોપી પહેરેલા જોવા મળ્યા હતા. તમને જણાવી દઈએ કે આ વર્ષે ગણપતિ ઉત્સવ ૭ સપ્ટેમ્બરથી શરૂ થયો છે. આ ઉત્સવ ૧૬ સપ્ટેમ્બર સુધી ચાલશે. સમગ્ર દેશ ૧૦ દિવસીય ગણપતિ ઉત્સવની ધામધૂમથી ઉજવણી કરી રહ્યો છે. મુંબઈ અને દિલ્હી સહિત દેશના વિવિધ શહેરોમાં ગણેશ પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. પીએમ મોદીએ નવી દિલ્હીમાં મુખ્ય ન્યાયાધીશના નિવાસસ્થાને આયોજિત ગણેશ પૂજામાં ભાગ લીધો હતો.

પીએમ મોદીએ સોશિયલ સાઈટ ઠ પર ગણેશ પૂજાની તસવીર પોસ્ટ કરી અને લખ્યું કે ભગવાન શ્રી ગણેશ આપણા બધાને સુખ, સમૃદ્ધિ અને સારું સ્વાસ્થ્ય પ્રદાન કરે. એક વીડિયોમાં ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને તેમની પત્ની કલ્પના દાસ પીએમ મોદીનું તેમના ઘરે સ્વાગત કરતા જોવા મળ્યા હતા. ત્યારબાદ મોદી તેમના નિવાસસ્થાને પૂજા કરતા જોવા મળ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદી મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડના નિવાસસ્થાને પહોંચ્યા અને ગણપતિ પૂજામાં ભાગ લીધો. ઝ્રત્નૈં ચંદ્રચુડ અને તેમની પત્નીએ મરાઠી ટોપી પહેરીને વડાપ્રધાનનું સ્વાગત કર્યું. પીએમ મોદીએ આધ્યાત્મિક વાતાવરણમાં ભગવાન ગણેશની આરતી પણ કરી હતી. હાલમાં દેશભરમાં ૧૦ દિવસીય ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આ તહેવાર આ વર્ષે ૭ સપ્ટેમ્બરથી ૧૬ સપ્ટેમ્બર સુધી ચાલશે. આ તહેવાર મુંબઈ અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં ભવ્ય શોભાયાત્રા, સાંસ્કૃતિક પ્રદર્શન અને રંગબેરંગી ઉત્સવો સાથે ઉજવવામાં આવે છે. ગણપતિ ઉત્સવ નિમિત્તે મંદિરો અને મંડળો દ્વારા ભવ્ય શણગાર કરવામાં આવે છે. આ પહેલા બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટની બેઠક મળી હતી. આ બેઠકમાં, હવે આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (છમ્ઁ-સ્તછજ) હેઠળ ૭૦ વર્ષ અને તેથી વધુ વયના સિનિયર સિટીઝનને સ્વાસ્થ્ય વીમો આપવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના હેઠળ, ૫ લાખ રૂપિયાની મફત આરોગ્ય વીમા સુવિધા આપવામાં આવે છે. તેનો ઉદ્દેશ લગભગ ૪.૫ કરોડ પરિવારોને લાભ આપવાનો છે. જેમાં ૬ કરોડ સિનિયર સિટીઝનનો સમાવેશ થાય છે.

### રાજ્ય સરકાર દ્વારા અલગ-અલગ પેકેજ તૈયાર કરાયા

# વડોદરામાં પૂરગ્રસ્તો માટે સરકારે કરી રોકડ સહાયની જાહેરાત

### રૂપિયા ૨૫,૦૦૦ થી માંડીને ૮૫,૦૦૦ હજાર સુધીની રોકડ સહાય આપવાની જાહેરાત કરવામાં આવી

ગાંધીનગર, તા.૧૨

તાજેતરમાં વડોદરામાં ખાબકેલા વરસાદના લીધે પૂરની સ્થિતિ સર્જાઇ હતી. જેના લીધે વડોદરાના રહીશોની ઘરવખરીથી માંડીને વેપાર-વાણિજય ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે ધંધા રોજગાર પુનઃ ધમધમતા થાય અને આર્થિક રીતે મદદ થવાના હેતુથી રાજ્ય સરકારે મોટો નિર્ણય લેતાં ૫,૦૦૦ થી માંડીને ૮૫,૦૦૦ હજાર સુધીની રોકડ સહાય આપવાની જાહેરાત કરી છે.

રાજ્ય સરકાર દ્વારા અલગ-અલગ પેકેજ તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં લારી ધારકોથી માંડીને માસિક ૫ લાખથી વધુનું ટર્નઓવર કરતાં વેપારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વડોદરાના પૂર અસરગ્રસ્તોના પુનઃ વસવાટ અને ધંધા રોજગારને પુનઃ કાર્યાન્વિત કરવા માટે રાજ્ય સરકારે મુખ્યમંત્રી રાહત નિધિમાંથી આર્થિક તેમજ પુનઃવસન સહાય આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા રાહત પેકેજમાં નાના લારીધારકને ૫,૦૦૦ સુધીની રોકડ સહાય જ્યારે પાકી દુકાન ધરાવતા લોકોને ઉચ્ચક રૂ. ૮૫,૦૦૦ રોકડ સહાય જાહેર કરી છે. લારી/રેકડી ધારકને ઉચ્ચક રૂ. ૫,૦૦૦ ની રોકડ સહાય - ૪૦ સ્કવેર ફૂટ સુધીની નાની સ્થાયી કેબિન ધારકને ઉચ્ચક રૂ. ૨૦,૦૦૦ ની રોકડ સહાય ૪૦ સ્કવેર ફૂટથી મોટી કેબિન ધારકને ઉચ્ચક રૂ. ૪૦,૦૦૦ ની રોકડ સહાય - નાની અને મધ્યમ કક્ષાની પાકી દુકાન ધારકને ઉચ્ચક રૂ. ૮૫,૦૦૦ રોકડ સહાય માસિક ટર્નઓવર રૂ. ૫ લાખથી વધુ હોય તેવી મોટી દુકાનના ધારકને રૂ. ૨૦ લાખ સુધીની લોન પર ૩ વર્ષ સુધી વ્યાજસહાય ૭% ના દરે રૂ. ૫ લાખની મર્યાદામાં આપવામાં આવશે.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ર૭૦ મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો



ચલાલા – અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૭૦મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષ – ગાંધીનગર તથા આયુર્વેદ શાખા જીલ્લા પંચાયત અમરેલી, તથા સરકારી આયુર્વેદ દવાખાનું સરસીયા તથા સરકારી હોમીયોપેથી દવાખાનું જાળિયાના સંયુકત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ મંગલ દિપપ્રાગટયથી થયો હતો. આ પ્રસંગે સંસ્થા વડા પુ.ડો. રતિદાદા, તથા ડોકટરઓ દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. પુ.ડો.રતિદાદાએ બધાને સારૂ થઈ જાય પછી બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. સાથે વ્યસન મુકત રહેવું. સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી મળીને રહેવું. સ્વ. હંસાબેન રામજીભાઈ ભાયાણી હસ્તે. ભાયાણી પરિવાર યુ.કે.ના આર્થિક સહયોગથી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ – રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની ચકાસણી ડો. વાઘેલા કરી હતી, જે પૈકી ૩૫ દર્દીઓને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. દંતયજ્ઞમાં ડો. અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાતં કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આયુર્વેદિક કેમ્પમાં ડો. હેતલબેન એ બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. દીકરીઓ માટે હરિબા મહિલા આર્ટસ, કોમર્સ, બી.સી.એ. કોલેજ ચાલુ છે જેનું પ્રવેશ કાર્ય શરૂ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભુષણ મહેશભાઈ ભુવા, અને જાહેર સુખાકારી શ્રેત્રે એવોર્ડ વિજેતા મંજુબા તથા શીતલબેન વગેરે ખુબ જહેમત ઉઠાવી હતી.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૪૫૦ | ૨૬૭૧ |
| ૨ | તલ કાળા | ૩૫૦૦ | ૩૫૦૦ |
| ૩ | બાજરો | ૪૯૦ | ૫૫૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૮૧ |
| ૫ | જુવાર | ૫૦૦ | ૭૮૯ |
| ૬ | મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૭ | ચણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૮ | જીરૂ | ૪૦૦૦ | ૪૫૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૧૨ | ૧૧૦૩ |
| ૨ | શિંગ મોટી | ૭૯૯ | ૧૧૪૧ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૩૭૨ |
| ૪ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૮૩૬ |
| ૫ | તલ કાળા | ૩૨૦૦ | ૩૭૨૧ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૩૮૫ | ૨૯૫૦ |
| ૭ | બાજરો | ૩૭૯ | ૪૯૦ |
| ૮ | જુવાર | ૪૦૦ | ૮૫૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૪૮ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૯૯ |
| ૧૧ | મગ | ૧૫૦૮ | ૧૬૦૪ |
| ૧૨ | અડદ | ૧૦૧૭ | ૧૭૯૫ |
| ૧૩ | ચણા | ૧૧૭૫ | ૧૪૩૦ |
| ૧૪ | વાલ | ૧૫૩૦ | ૨૪૩૫ |
| ૧૫ | કપાસ | ૯૩૫ | ૧૬૮૯ |
| ૧૬ | એરંડા | ૧૦૧૫ | ૧૧૫૭ |
| ૧૭ | જીરૂ | ૩૬૦૦ | ૪૭૧૭ |
| ૧૮ | રાયડો | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૧૯ | ધાણા | ૧૦૦૫ | ૧૩૪૦ |
| ૨૦ | સોયાબીન | ૭૮૮ | ૮૪૮ |
| ૨૧ | રજકાનું બી | ૫૦૭૦ | ૫૩૯૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## બાબરાનાં ૪ વર્ષ પહેલાનાં

બાબરાના યુવા ભાજપ અગ્રણી કુમારસિંહ સોલકીનું માર્ગ અકસ્માતમાં અવસાન થયું હતું.

વિગત એવા પ્રકારની છે કે, ગત તારીખ ૨/૨/૨૦૨૦ના રોજ બાબરાના રહેવાસી અને ભાજપ અગ્રણી કુમારસિંહ વજેસિંહ સોલંકી પોતાના મોટર સાઈકલ પર અમરેલીથી બાબરા તરફ આવતા હતા તે સમયે એક મોટરકાર ચાલકે બાબરા સોમનાથ જીન પાસે અકસ્માત કરી કુમારસિંહને ગંભીર ઈજા પહોંચાડી મૃત્યુ નિપજાવી નાસી ગયેલ. જે અંગેની ફરિયાદ કુમારસિંહના ભાઈ ગંભીરસિંહ દ્વારા બાબરા પો.સ્ટે. માં ફરિયાદ દાખલ કરેલી અને પોલીસ તપાસ દરમ્યાન આ અકસ્માત સર્જનાર વિમલભાઈ ઉર્ફે બીપીનભાઈ મગનભાઈ સોલંકી હોવાનું ખુલવા પામતા તેમના વિરૂદ્ધ બાબરા કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ અને તે કેસ બાબરા કોર્ટમાં ચાલી જતા ફરિયાદ પક્ષે રજૂ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ આરોપી વિમલભાઈ ઉર્ફે બીપીનભાઈ મગનભાઈ સોલંકીને તકસીરવાન ઠરાવી ઈ.પી.કો. કલમ–૨૭૯ ના ગુનામાં બે માસ, ઈ.પી.કો. કલમ–૩૦૪અ ના ગુનામાં છ માસ અને એમ.વી. એકટના ગુનાઓમાં પણ તકસીરવાન ઠરાવી રોકડ રકમનો દંડ પણ બાબરાના મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી એસ.સી. વાઘેલા દ્વારા હુકમ ફરમાવેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૬૦ | ૧૧૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૮૦ | ૧૧૧૧ |
| ૩ | શીંગ દાણા | ૧૩૦૦ | ૧૩૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૬૨૬ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૧૫૦ |
| ૬ | જીરૂ | ૪૦૦૦ | ૪૫૪૫ |
| ૭ | કપાસ | ૧૪૦૦ | ૧૬૬૦ |
| ૮ | કપાસ નવો | ૧૩૦૦ | ૧૬૫૦ |
| ૯ | ઘઉં લોકવન | ૫૪૧ | ૬૦૬ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૪૫ |
| ૧૧ | બાજરો | ૪૪૦ | ૪૯૦ |
| ૧૨ | જુવાર | ૭૪૧ | ૭૪૫ |
| ૧૩ | મગ | ૧૪૪૫ | ૧૬૦૦ |
| ૧૪ | ચણા | ૧૨૧૧ | ૧૪૧૯ |
| ૧૫ | તુવેર | ૮૫૦ | ૧૪૦૦ |
| ૧૬ | એરંડી | ૮૦૧ | ૧૧૨૭ |
| ૧૭ | સોયાબીન | ૮૦૦ | ૮૪૭ |

પાના ૧ ઉપરનું ચાલું

## ખાંભાનાં સરકારી દવાખાનામાં

લેવા માટે મજબૂર બની રહ્યા છે.

ખાંભા તાલુકાના ૫૭ ગામ વચ્ચે એકમાત્ર હોસ્પિટલમાં એક ડોકટર ઓપીડી પર હાજર હોય છે અને દરરોજની ૨૦૦ ઓપીડી ખાંભાના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં જોવા મળે છે અને દર્દીઓને સારવાર ન મળતી હોવાથી ભારે રોષ જોવા મળી રહ્યો છે અને ખાંભાની સરકારી હોસ્પિટલમાં જયાં માણસને સારવાર લેવાની હોય ત્યાં કુતરાઓ આંટા મારતા હોવાનું પણ સામે આવ્યું હતું. ત્યારે ખાંભા તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા દર્દીઓને પૂરતી સારવાર મળતી નથી અને કલાકો સુધી ઉભા રહેવુ પડતું હોય છે અને એક જ ડોકટર હોવાથી ખાંભાની હોસ્પિટલમાં દર્દીઓ આવતા નથી અને ખાંભા ની સરકારી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ઓપીડીમાં હજુ વધારો થાય એમ છે પરંતુ અન્ય ડોકટર ઓપીડી લેવા બેસે તેવી માંગણીમાં ઊઠવા પામી છે. ખાંભા હોસ્પિટલમાં દરરોજ સરેરાશ ૨૦૦થી વધારે ઓપીડી હોવાથી દર્દીઓથી ઉભરાતી હોસ્પિટલ હોવા છતાં ત્રણ ડોકટરોની મહેકમ સામે એક ડોકટર જ ૨૪ કલાક ઓપીડી પર હોય છે અને અન્ય બે ડોકટરોમાંથી એક ડોકટર ડેપ્યુટેશનમાં અને એક ડોકટર ટ્રેનિંગમાં હોવાનું સ્થાનિક સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. ત્યારે ના છૂટકે આર્થિક ભીંસ સહન કરીને પણ દર્દીઓ ખાનગી ડોકટરોને મોટી ફી ચૂકવીને સારવાર લેવા માટે મજબૂર બની રહ્યા છે.

આ બાબતે તંત્ર દ્વારા યોગ્ય કરવામાં આવે તે જરૂરી બન્યું છે. હાલ જિલ્લાભરમાં ચોમાસાને કારણે ગંદકી અને કાદવ કિચડના કારણે રોગચારો વકર્યો છે અને મેલરીયા, ટાઈફોડ જેવા રોગના કેસ વધ્યા છે. ત્યારે ખાંભાના આરોગ્ય કેન્દ્રમાં ડોકટરોની ઘટ છે. ત્યારે ખાંભાના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં દર્દી નારાયણો પરેશાન બન્યા છે અને સવારથી કલાકો સુધી હોસ્પિટલમાં બેસવા છતાં સારવાર ન મળવાને કારણે પરેશાન બન્યા છે અને આરોગ્ય વિભાગ દ્વારા યોગ્ય કરવા માંગ ઉઠવા પામી છે

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૩૫ |
| ૨ | સોયાબીન | ૮૨૧ | ૮૪૨ |
| ૩ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૬૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૫૫૦ |
| ૫ | જુવાર | ૭૧૫ | ૭૧૫ |
| ૬ | બાજરો | ૪૩૫ | ૪૩૫ |
| ૭ | મગફળી | ૬૧૦ | ૯૨૦ |
| ૮ | ચણા | ૧૧૧૦ | ૧૪૦૦ |
| ૯ | રાયડો | ૮૨૦ | ૮૨૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૦૪૦ | ૧૧૦૦ |
| ૧૧ | તલ સફેદ | ૧૬૯૫ | ૨૪૬૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## એસિડ ગટગટાવી લીધું

મેળે એસીડ પી લેતા તેમને ગંભીર હાલતમાં સારવાર માટે દવાખાને ખસેડાયેલ. જયાં સારવાર દરમ્યાન ગત તા.૯ના રાત્રે ૧૧:૪૫ વાગ્યે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે મરણ ગયાનું રાજુલા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

આ બનાવમાં રાજુલા તાલુકાના ડોળીનો પટ વિસ્તારમાં રહેતા રિઝવાનભાઈ રજાકભાઈ લદ્દા નામનાં ૩૨ વર્ષિય યુવકે તેના પરફેકટ ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર ટેકનોલોજી નામના કોમ્પ્યુટર કલાસીસમાં અમરેલીની એક મહિલાનું ધોરણ ૧૨નું કેરલા બોર્ડની ખોટી માર્કશીટ બનાવેલ હોય. જે બાબતે આ યુવકને ગત તા. ૩૦/૮/૨૪ ના રોજ રાજુલા પોલીસ સ્ટેશન ખાતે પોલીસે પુછપરછ માટે બોલાવેલ હોય અને ત્યાર બાદ ગત તા. ૩૧/૮/૨૪ ના રોજ જરૂરી આધાર–પુરાવા સાથે પોલીસે તેમને હાજર રહેવાનુ કહેલ હોય. જેથી આ યુવકને તેના વિરૂધ્ધમાં ખોટી માર્કશીટ બનાવ્યા બાબતેનો ગુન્હો દાખલ થશે તો પોતાની આબરૂ જશે અને બદનામી થશે તે વાતનું તેને મનમાં લાગી આવતા યુવકે ગત તા. ૩૧/૮/૨૪ ના રોજ સવારના આઠ વાગ્યે પોતાના ઘરે પોતાની મેળે એસીડ પી લેતા તેમને ગંભીર હાલતમાં સારવાર માટે દવાખાને ખસેડાયેલ. જયાં સારવાર દરમ્યાન ગત તા. ૯ ના રાત્રે ૧૧:૪૫ વાગ્યે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે મરણ ગયાનું રાજુલા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૦ | ૧૭૦૦ |
| ૨ | જીરૂ | ૪૧૦૫ | ૪૨૭૫ |
| ૩ | ઘઉં | ૫૦૨ | ૫૫૮ |
| ૪ | મગ | ૧૪૪૦ | ૧૮૦૦ |
| ૫ | ચણા | ૧૨૭૫ | ૧૪૨૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૩૦ | ૧૫૬૧ |
| ૨ | ઘઉં | ૫૦૬ | ૫૭૦ |
| ૩ | ચણા | ૧૧૭૫ | ૧૪૨૧ |
| ૪ | મકાઈ | ૩૫૦ | ૩૫૦ |
| ૫ | તુવેર | ૧૮૫૧ | ૧૮૫૧ |
| ૬ | સોયાબીન | ૮૨૧ | ૮૨૧ |

# બાબરા : પંચશીલ શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ બદલ વિદ્યાર્થીઓનું શાળાનાં મુખ્ય ટ્રસ્ટી પ્રકાશ ગોલેતર દ્વારા સન્માન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

પંચશીલ શાળામાં બે મહિના દરમિયાન કરવામાં આવેલ ઈતર પ્રવૃતિઓ જેવી કે મટકી સ્પર્ધા રાખડી ડેકોરેશન અને સ્વયં શિક્ષક દિન સહિતની પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ દ્વારા સુંદર પ્રદર્શન કરી નંબર પ્રાપ્ત કરી આવેલા તમામ બાળકોને શાળા પરિવાર વતી મુખ્ય ટ્રસ્ટી પ્રકાશભાઈ ગોલેતર અને કેમ્પસ ડાયરેકટર સંજયભાઈ પરમાર સહિત શિક્ષકોના વરદ હસ્તે પ્રમાણપત્ર અને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# પિપાવાવ એપીએમ ટર્મિનલ દ્વારા ૨૨૧ ગામોમાં નેત્રયજ્ઞ યોજાયો



પીપાવાવ ગુજરાત ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ – એપીએમ ટર્મિનલ્સે સુદર્શન નેત્રાલય – અમરેલી અને ગાયત્રી પરિવાર ટ્રસ્ટની સાથે ભાગીદારમાં રાજુલા અને આસપાસના તાલુકાઓ મળી ૨૨૧ ગામડાંઓમાં નેત્રરોગ નિદાન કેમ્પનું સફળતા પૂર્વક આયોજન કર્યુ છે. આ પહેલ સામુદાયિક આરોગ્ય અને સુખાકારી પ્રત્યેની એપીએમ ટર્મિનલ્સ પીપાવાવની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આરોગ્ય માટેના સતત પ્રયત્નોના ભાગરૂપે એપીએમ ટર્મિનલ્સ પીપાવાવે ૨૦૧૭થી દર બે મહિને નેત્રરોગ નિદાન કેમ્પનું આયોજન કર્યુ છે. આ કેમ્પમાં સ્થળ પર આઉટપેશન્ટ ડીપાર્ટમેન્ટ ઓપીડી સારવાર મળે છે અને આંખ અંગેની સઘન સારવારની જરૂરવાળા લોકોને શોધવામાં મદદ કરે છે. મોતિયા અથવા આંખના અન્ય રોગીઓને સુદર્શન નેત્રાલય ખાતે નિઃશુલ્ક સર્જરી માટે મોકલવામાં આવે છે. આ સુનિશ્ચિત કરે છે કે નેત્ર સંબંધિત મહત્વની સારવાર નાણાંના ભારણ વગર લોકોને મળી રહે. પ્રોજેકટ હેઠળ રાજુલા, ખાંભા અને જાફરાબાદ મળી ૭૫ ગામડાં આવરી લેવામાં આવ્યાં છે. આ કેમ્પ શરૂ થયા ત્યારથી ૫,૦૦૦થી વધુ ગ્રામ્યજનોને ઓપીડી સારવાર આપવામાં આવી છે અને મોતિયાના ૧,૦૦૦થી વધારે ઓપરેશન કરવામાં આવ્યાં છે. તાજેતરના કેમ્પમાં સ્થાનિક લોકોને સહાય કરવાના કંપનીના સતત પ્રયાસો દેખાઈ આવે છે. એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ નેત્રરોગ નિદાન કેમ્પ ઉપરાંત અન્ય પહેલો દ્વારા પણ લોકોના આરોગ્યની કાળજી લે છે. આમાં મોબાઈલ આરોગ્ય એકમ પ્રકારના પોર્ટ મેડિકલ સેન્ટરનો પણ સમાવેશ થાય છે. તેની હેઠળ રામપરા, ભેરાઈ, શિયાળ બેટ, થાવી, દિવાલો, દેવપરા, પાદર અને ટ્રકસની પાર્કિંગ માટેની જગ્યા પર નિયમિત સેવા આપવામાં આવે છે. આ ઉપરાંત ઈમરજન્સી અને દર્દીઓને હોસ્પિટલ મોકલવા જેવી પરિસ્થિતિને પહોંચી વળવા ઉપયોગી સાધનોથી સજજ એડવાન્સ લાઈફ સપોર્ટ એમ્બ્યુલન્સ પણ કંપની ચલાવે છે. દર મહિને ૨,૦૦૦થી વધુ ગ્રામ્યજનો આ આરોગ્ય સેવાઓનો લાભ લે છે, જે દર્શાવે છે કે એપીએમ ટર્મિનલ પીપાવાવ ગ્રામ્યજનો માટે સર્વગ્રાહી આરોગ્ય સેવા સુલભ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. તબીબી સારવારથી આગળ વધીને આરોગ્ય અને પોષણ પૂરા પાડવા માટે કટિબદ્ધ અને સક્રિય છે. તાત્કાલિક તબીબી જરૂરિયાતો અને લાંબા ગાળાના આરોગ્ય શિક્ષણ પૂરા પાડીને એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ પોતે કામ કરે છે તે વિસ્તારના લોકોને ગુણવતાયુકત આરોગ્ય સુવિધા પૂરી પાડી તેમના જીવન પર હકારાત્મક અસર પાડવા માટે સમર્પિત છે.

### વિવિધ સેવાઓનો લાભ ગ્રામજનો મેળવી શકશે

## લીલીયા ખાતે આગામી ૧૭મી સપ્ટેમ્બરનાં રોજ સેવાસેતુ કાર્યક્રમનું આયોજન

### આધાર નોંધણી, રેશનકાર્ડ સહિતનાં કાર્યોનો થશે નિકાલ

અમરેલી,તા.૧૨

રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને સેવાઓનો લાભ નાગરિકોને સતત મળે, વહીવટી પારદર્શિતામાં ઉમેરો થાય અને નાગરિકોને તેમના વસવાટ રહેઠાણ નજીકના વિસ્તારમાં સેવાઓનો લાભ પ્રાપ્ત થાય તેવા ઉદેશ્ય સાથે રાજય સરકાર દ્વારા સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

રાજય સરકારની વિવિધ સેવાઓનો લાભ નાગરિકોને ઘર આંગણે જ મળી રહે તે માટે આગામી તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ થી તા. ૩૧ ઓકટોબર, ૨૦૨૪ દરમિયાન ૧૦મા તબક્કાના સેવા સેતુના કાર્યક્રમનું આયોજન રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકામાં લીલીયા ગામે તા.૧૭ સપ્ટેમ્બર,૨૦૨૪ના રોજ લીલીયા કન્યાશાળા પે સેન્ટર – ૦૨ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. જેમાં લીલીયા, ગોઢાવદર, પુંજાપાદર, સલડી, પુતળીયા, આંબા, કણકોટ મોટા, જાત્રોડા, અંટાળીયા, બોડીયા, ભેંસાણ, પીપળવા, સનાળીયા, ભેંસવડી, વાઘણીયા ગામના નાગરિકોને આ સેવા સેતુ કાર્યક્રમનો લાભ મળશે.લીલીયા તાલુકાનો બીજો સેવા સેતુ કાર્યક્રમ તા. ૫ ઓકટોબર, ૨૦૨૪ના રોજ ક્રાંકચ માધ્યમિક શાળા ખાતે યોજાશે. ખાનપર, ક્રાંકચ, બવાડી, બવાડા, ઈંગોરાળા, ભોરીંગડા, કુતાણા, ટીંબડી, શેઢાવદર, લીલીયા નાના, લોકા, લોંકી ગામના ગ્રામજનોને આ સેવા સેતુ કાર્યક્રમનો લાભ મળશે.તા.૨૪ ઓકટોબર, ૨૦૨૪ના રોજ ગુંદરણ પ્રાથમિક શાળા ખાતે યોજાનાર સેવા સેતુ કાર્યક્રમનો ગુંદરણ, પાંચતલાવડા, એકલેરા, હરીપર, હાથીગઢ , ખારા, કલ્યાણપર, નાના રાજકોટ, નાના કણકોટ, ઢાંગલા, સાજણટીંબા ગામના ગ્રામજનોને આ સેવા સેતુ કાર્યક્રમનો લાભ મળશે. તેમ લીલીયા તાલુકા મામલતદારએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ગ્રામજનોનાં રોજબરોજનાં કામોનાં થશે નિકાલ

## બાબરાનાં વલારડી ખાતે આગામી ૧૬ સપ્ટેમ્બરનાં રોજ સેવા સેતુ કાર્યક્રમ યોજાશે

### ૪ ઓકટોમ્બરનાં ઘુઘરાળા અને ૧૬ ઓકટોમ્બર કરિયાણા ખાતે યોજાશે

અમરેલીતા.૧૨

રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને સેવાઓનો લાભ નાગરિકોને સતત મળે, વહીવટી પારદર્શિતામાં ઉમેરો થાય અને નાગરિકોને તેમના વસવાટ રહેઠાણ નજીકના વિસ્તારમાં સેવાઓનો લાભ પ્રાપ્ત થાય તેવા ઉદ્દેશ્ય સાથે રાજય સરકાર દ્વારા સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

રાજય સરકારની વિવિધ સેવાઓનો લાભ નાગરિકોને ઘર આંગણે જ મળી રહે તે માટે આગામી તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ થી તા.૩૧ ઓકટોબર, ૨૦૨૪ દરમિયાન ૧૦મા તબક્કાના સેવા સેતુના કાર્યક્રમનું આયોજન રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

અમરેલી જિલ્લાના બાબરા તાલુકામાં વલારડી ગામે વલારડી પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. લુણકી, ઘરાઈ, વાવડી, જીવાપર, ચમારડી, ચરખા, વલારડી, અમરવાલપુર, પીર ખીજડીયા, હાથીગઢ, ઈંગોરાળા, ભીલા, ભીલડી, વાંડળીયા, ગળકોટડી, દરેડ, ખાખરીયા, કુંવરગઢ અને અમરાપર ગામના નાગરિકોને આ સેવા સેતુ કાર્યક્રમનો લાભ મળશે. લીલીયા તાલુકાનો બીજો સેવા સેતુ કાર્યક્રમ, તા.૫ ઓકટોબર, ૨૦૨૪ના રોજ ક્રાંકચ માપ્રયમિક શાળા ખાતે યોજાશે. ખાનપર, ક્રાંકચ, બવાડી, બવાડા, ઈંગોરાળા, ભોરીંગડા, કુતાણા, ટીંબડી, શેઢાવદર, લીલીયા નાના, લોંકા, લોંકી ગામના ગ્રામજનોને આ સેવા સેતુ કાર્યક્રમનો લાભ મળશે.બાબરા તાલુકાનો બીજો સેવા સેતુ કાર્યક્રમ, તા.૪ ઓકટોબર, ૨૦૨૪ના રોજ ઘુઘરાળા પ્રાથમિક શાળા ખાતે યોજાશે. ખાનપર, કોટડા પીઠા, કરણુકી, ગરણી, પાનસડા, નવાણીયા, ઊંટવડ, મીયા ખીજડીયા, ઈસાપર, નડાળા, રાણપર, થોરખાણ, નોંઘણવદર, લોન કોટડા, ત્રંબોડા, ગમાપીપળીયા, મોટા દેવળીયા, ફૂલજર, ખીજડીયા, કોટડા અને બળેલ પીપરીયા ગામના ગ્રામજનોને આ સેવા સેતુ કાર્યક્રમનો લાભ મળશે.તા. ૧૬ ઓકટોબર, ૨૦૨૪ ના રોજ કરિયાણા પ્રાથમિકશાળા ખાતે યોજાનાર સેવા સેતુ કાર્યક્રમનો કલોરાણા, વાવડા, રાયપર, સુકવળા, સમઢીયાળા, નીલવળા, તાઈવદર, ઈરીયા, કીડી, જામબરવાળા, શિરવાણીયા, નાની કુંડળ , ખંભાળા, સુખપર, વાંકિયા અને લાલકા ગામના ગ્રામજનોને આ સેવા સેતુ કાર્યક્રમનો લાભ મળશે.

## અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે સરખેજ વિસ્તારમાંથી ૧ કરોડનું ડ્રગ્સ ઝડપ્યું

અમદાવાદ, તા.૧૨

રાજ્યનું યુવાધન ડ્રગ્સના રવાડે ચડી ગયું છે. દર બીજા દિવસે રાજ્યમાંથી લાખો- કરોડોનું ડ્રગ્સ ઝડપાય છે. એમાં પણ ખાસ કરીને અમદાવાદ, સુરત, વડોદરા જેવા મોટા શહેરોમાં ડ્રગ્સ સરળતાથી ઉપલબ્ધ થઈ રહ્યું છે. ડ્રગ્સ પેડલરો માટે ગુજરાતનો દરિયો આર્શિવાદ બન્યો છે. આ ઉપરાંત રોડ માર્ગે પણ ડ્રગ્સ સહિતના નશીલા પદાર્શો ગુજરાતમાં ઘુસાડવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ત્યારે આજે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સરખેજ વિસ્તારમાં ૧ કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. અમદાવાદમાં ડ્રગ્સનો સૌથી વધુ ઉપયોગ થાય છે, અમદાવાદ ડ્રગ્સ પેડલરોનું મોટું નેટવર્ક પથરાયેલું છે. દરરોજ લાખો-કરોડોનું ડ્રગ્સ સપ્લાય કરવામાં આવે છે. ડ્રગ્સના દૂષણને નાથવા માટે અમદાવાદ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ સહિતની ટીમો સતત પ્રયાસ કરી રહી છે. ત્યારે ફરી એકવાર અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને ૧ કરોડનું ડ્રગ્સ જપ્ત કરવામાં સફળતા પ્રાપ્ત થઈ છે.

ક્રાઈમ બ્રાન્ચે આસિમ હુસેન સૈયદ અને વિષ્ણુવાદી નામના બે આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે ડ્રગ્સ પહોંચાડનાર અતિક નામનો આરોપી ફરાર થઈ ગયો હતો. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં જાણવા મળ્યું છે કે જયપુર-રતલામ રૂટથી અમદાવાદમાં ડ્રગ્સનો જથ્થો ઘુસાડવામાં આવી રહ્યો હતો. ડ્રગ્સ માફિયાએ આ વખતે નવી જ તરકીબ અપનાવી હતી. આ તરકીબ જોઈને ભલભલા અચંબિત થઈ જાય. કોઈએ પણ વિચાર્યું ન હોય એમ ઈકો ગાડીના ટાયરમાં ડ્રગ્સનો જથ્થો સંતાડવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે ઈકો ગાડીની તલાશી લેતાં ટાયર ખોલીને જોયું તો ઘટનાસ્થળે હાજર સ્ટાફ અચંબામાં મુકાઈ ગયો હતો.

### ૨૩મી એનર્જી કન્સર્વેશન સમિટ ૨૦૨૪ માટે

## દલમિયા સિમેન્ટના ડો. અમિત મહેતા મુખ્ય પ્રવકતા તરીકે આંમત્રિત



અમરેલી, તા. ૧૨

દલમિયા સિમેન્ટના પ્રતિષ્ઠિત વ્યાવસાયિક ડો. અમિત મહેતા, હૈદરાબાદ ખાતે ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ યોજાયેલ ૨૩મી એનર્જી કન્સર્વેશન સમિટમાં ’ઈન્ડસ્ટ્રી ૪.૦ વિષય પર મુખ્ય પ્રવક્તા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ સમિટમાં તેઓ સિમેન્ટ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં ઓટોમેશન અને ડિજિટાઈઝેશન જેવી આધુનિક પ્રવૃત્તિઓ પર પોતાના વિચારો અને અનુભવ શેર કર્યા હતા.

આ પ્રસંગે વિશ્વ ભરના ઊદ્યોગ જગતના મહાનુભાવો અને ભારતભરના સર્વિસ તથા મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રના પ્રખર વ્યાવસાયિકોએ હાજરી આપેલ. આ મહત્વપૂર્ણ સમિટનું આયોજન કોનફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (સીઆઈઆઈ) દ્વારા કરવામાં આવ્યું છે, જે એનર્જી કન્સર્વેશનના મુદ્દાઓ પર વિશ્વસનીય મંચ તરીકે ઓળખાય છે. ડો. અમિત મહેતાને મળેલ આ સન્માન સમગ્ર સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ સમાજ માટે ગૌરવની બાબત છે.

### શોર્ટ સર્કિટથી ટ્રેનમાં બ્લાસ્ટ કરવાનું ષડયંત્ર!

## દુર્ગિયાના એક્સપ્રેસ ટ્રેન OHE વાયર સાથે અથડાયા બાદ જોરદાર વિસ્ફોટ

### રેલવેને આશંકા છે કે, હરદોઈમાં ઇલેક્ટ્રિક શોર્ટ સર્કિટ દ્વારા ટ્રેનમાં બ્લાસ્ટ કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું

હરદોઈ,તા.૧૨

યુપીના હરદોઈમાં કોલકાતાથી અમૃતસર જઈ રહેલી દુર્ગિયાના એક્સપ્રેસ ટ્રેન (12357) OHE વાયર સાથે અથડાયા બાદ જોરદાર વિસ્ફોટ થયો હતો. આ ટ્રેન બુધવારે સવારે ૩.૩૦ વાગ્યે લખનઉથી રવાના થઈ હતી. સવારે પાંચ વાગ્યે ઉમરતાલી સ્ટેશનથી પસાર થતાંની સાથે જ તે ટ્રેક પર લટકતા OHE વાયર સાથે અથડાઈ હતી. ટ્રેન અથડાયા બાદ લાઈનમાં વિસ્ફોટ સાથે ખામી સર્જાઈ હતી. હવે રેલવેએ આ મામલામાં ઉંડાં કાવતરાની આશંકા વ્યક્ત કરી છે.

હકીકતમાં, આ સમગ્ર ઘટના બુધવારે બની હતી. દુર્ગિયાના એક્સપ્રેસ ટ્રેક પર લટકતા OHE વાયર સાથે અથડાઈ હતી. પાયલટે ટ્રેન રોકીને ઉમરતાલી અને દલેલનગર સ્ટેશનને જાણ કરી હતી. માહિતી મળતાની સાથે જ લખનઉથી આવતી તમામ ટ્રેનોને રોકી દેવામાં આવી હતી. લગભગ છ કલાક બાદ ડીઝલ એન્જિનથી દુર્ગિયાના એક્સપ્રેસ શરૂ કરવામાં આવી હતી. આ ઘટના બાદ રાજધાની અને વંદે ભારતને અલગ-અલગ રૂટ પર મોકલવામાં આવી હતી. આ સાથે લગભગ બે ડઝન ટ્રેનોના રૂટ બદલવામાં આવ્યા હતા. રેલવેએ બે ટ્રેનો રદ્દ કરી હતી.

હવે આ સમગ્ર મામલામાં રેલવે તરફથી કોઈ ઊંડું કાવતરું હોવાના સંકેત મળી રહ્યા છે. રેલવેને આશંકા છે કે, UPના હરદોઈમાં ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ દ્વારા ટ્રેનમાં બ્લાસ્ટ કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. દુર્ગિયાના એક્સપ્રેસ ટ્રેન જ્યાં અથડાઈ હતી તે ઈલેક્ટ્રિક પોલના કેબલમાં કોઈએ છેડછાડ કરી હતી. રેલવે આ મામલે તપાસ કરી રહી છે.

અહેવાલોમાં રેલવે સૂત્રોને ટાંકીને જણાવ્યા મુજબ, બુધવારે કોલકાતાથી અમૃતસર જતી દુર્ગિયાના એક્સપ્રેસ ટ્રેન જે રીતે ઈલેક્ટ્રિક પોલના કેબલ સાથે અથડાઈ તે સામાન્ય રીતે બનતું નથી. તે ટેક્નિકલ ખામી કરતાં કોઈની છેડછાડ જેવું વધારે લાગે છે, કારણ કે થોડા સમય પહેલા અન્ય ટ્રેનો પણ ત્યાંથી પસાર થઈ હતી. ત્યારે સ્થિતિ સામાન્ય હતી. હાલમાં રેલવે આ મામલાની તમામ એંગલથી તપાસ કરી રહી છે.

### મોટાપાયે સાયબર ગોટાળા કરતો હતો

## નકલી ઓળખ બનાવી દિલ્હીમાં રહેતો તિબેટિયન ઝડપાઈ ગયો

### ચંદ્ર ઠાકુર પાસેથી ઘણા દસ્તાવેજો મળી આવ્યા હતા આરોપીઓ સાથે જોડાયેલા ૨૬ બેંક ખાતાઓ સામે આવ્યા

નવી દિલ્હી,તા.૧૨

STF ગૌતમ બુદ્ધ નગરની ટીમે દિલ્હીમાંથી એક તિબેટીયન નાગરિકની ધરપકડ કરી છે જેણે નકલી દસ્તાવેજો દ્વારા ભારતીય પાસપોર્ટ બનાવીને સાયબર છેતરપિંડી આચરી હતી. આરોપી નામ બદલીને ભારતમાં રહેતો હતો. તે આરોપીના ભારતીય પાસપોર્ટ દ્વારા વિદેશ જતો હતો. તેણે સાયબર ગુનેગારો સાથે મળીને કરોડોની સાયબર ફ્રોડ પણ કરી છે. બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને તેણે પોતાનું ભારતીય નામ બદલીને ચંદ્ર ઠાકુર કરી લીધું અને તે જ નામે પાસપોર્ટ પણ મેળવ્યો. જીહ્ન અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૧૧ સપ્ટેમ્બરના રોજ આરોપી છિંજો થારચીન ઉર્ફે ચંદ્ર ઠાકુર ઉર્ફે તંજીમની દિલ્હીના દ્વારકામાં તેના ફ્લેટમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

એસટીએફના જણાવ્યા અનુસાર, તેની પાસેથી એક પાસપોર્ટ, એક નકલી મતદાર આઈડી કાર્ડ, એક પાન કાર્ડ, એક આધાર કાર્ડ, બે એટીએમ કાર્ડ, એક કંબોડિયન સિમ કાર્ડ અને બે મોબાઈલ ફોન મળી આવ્યા છે. એસટીએફની ટીમે જણાવ્યું કે કેટલાક દિવસોથી તેને વિદેશી નાગરિકો દ્વારા નકલી દસ્તાવેજો દ્વારા ભારતીય નાગરિકતાના દસ્તાવેજો તૈયાર કરવા અને પાસપોર્ટ વગેરે બનાવવાની માહિતી મળી રહી હતી. જીહ્નએ દ્વારકામાં રહેતા ચંદ્ર ઠાકુરને પૂછપરછ માટે તેની ઓફિસમાં બોલાવ્યા હતા. સઘન પૂછપરછ દરમિયાન આરોપીઓ સામે સાયબર છેતરપિંડી માટે વિદેશી નાગરિકોને બેંક ખાતા પૂરા પાડવાના પુરાવા મળ્યા હતા.

એસટીએફને આરોપી ચંદ્ર ઠાકુરે તિબેટીયન નાગરિક હોવાની ઓળખ છુપાવીને પશ્ચિમ બંગાળમાંથી નકલી દસ્તાવેજો તૈયાર કરીને નકલી પાસપોર્ટ બનાવ્યો હોવાના પુરાવા પણ મળ્યા હતા. આ પછી તેની ધરપકડ કરવામાં આવી હતી. જીહ્ન અનુસાર, તે ૧૪ વર્ષની ઉંમરે તિબેટ ભાગી ગયો હતો. જ્યાંથી તે ૫૦-૬૦ લોકોના સમૂહ સાથે નેપાળ આવ્યો હતો અને લગભગ ૩ મહિના સુધી કાઠમંડુના રેફ્યુજી સેન્ટરમાં રહ્યો હતો. ત્યાંથી તેઓ દિલ્હીના બુદ્ધ વિહાર રેફ્યુજી સેન્ટર આવ્યા હતા. લગભગ એક મહિના પછી, તેણે હિમાચલ પ્રદેશની એક શાળામાં અભ્યાસ કરવાનું શરૂ કર્યું અને ૩ વર્ષ સુધી અભ્યાસ કર્યા પછી, તે દિલ્હી ભાગી ગયો હતો છિંજો તરચીન ઉર્ફે ચંદ્ર ઠાકુરે ત્યારબાદ ધર્મશાલા અને દિલ્હીની વિવિધ રેસ્ટોરન્ટ્સમાં ૪ વર્ષ સુધી કામ કર્યું.

આરોપી વર્ષ ૨૦૦૮માં મજનુ કા ટીલા (દિલ્હી)માં રહેવા લાગ્યો હતો. તે નેપાળથી ચાઈનીઝ ઈલેક્ટ્રોનિક સામાન લાવ્યો અને દિલ્હીના બજારમાં છૂપી રીતે વેચવા લાગ્યો. ધીમે ધીમે તેણે ચાઈનીઝ ભાષાનું પણ સારું જ્ઞાન મેળવ્યું. વર્ષ ૨૦૧૦-૧૧માં ફેસબુક પર એક મહિલા સાથે મિત્રતા કર્યા બાદ તે ગંગટોક (સિક્કિમ) આવ્યો હતો અને એક હોટલમાં રસોઈયા તરીકે કામ કરવા લાગ્યો હતો. અહીં તે દાર્જિલિંગમાં હોટલ ચલાવતા એક છોકરાને મળ્યો હતો.પછી તે દાર્જિલિંગ આવીને રહેવા લાગ્યો હતો.

દાર્જિલિંગમાં રહેતી વખતે તેણે ચંદ્ર ઠાકુરના નામે બનાવટી દસ્તાવેજોના આધારે આધાર કાર્ડ અને મતદાર ઓળખ કાર્ડ મેળવ્યું હતું. આ પછી તેણે વર્ષ ૨૦૧૩માં ચંદ્ર ઠાકુરના નામનો ભારતીય પાસપોર્ટ મેળવ્યો અને ચીન, મલેશિયા, થાઈલેન્ડ અને દુબઈ જેવા અનેક દેશોનો પ્રવાસ કર્યો. આરોપી વર્ષ ૨૦૨૧માં નેપાળની મુલાકાત દરમિયાન કાઠમંડુમાં ચીનના રહેવાસી ‘લી’ને મળ્યો હતો. લીએ તેમને નેટ બેક્કિંગ સહિત ઈન્ડિયન બેક્કનું ચાલુ ખાતું આપવા કહ્યું, જેનો ઉપયોગ વિવિધ પ્રકારની ગેમિંગ એપ્સ, લોગિન એપ્સ, ટ્રેડિંગ એપ્સમાં થતો હતો.

આરોપીએ ચીનીઓને ભારતીય બેંક ખાતું આપ્યું હતું. તે ખાતામાં આશરે રૂ. ૪.૫ કરોડનું ટ્રાન્ઝેક્શન થયા પછી, ખાતાધારકે ૯ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ દિલ્હીના જીટીબી એક્લેવ પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં તિબેટીયન નાગરિક જેલમાં ગયો હતો. તેણે લગભગ ૯ મહિના જેલમાં વિતાવ્યા. જેલમાંથી છૂટ્યા બાદ, છિંજો થરચીન દ્વારકાના રહેવાસી નંદુ ઉર્ફે નરેન્દ્ર યાદવને મળ્યો, જે પહેલાથી જ ચાઈનીઝના સંપર્કમાં હતો, જે તેને પૈસાના બદલામાં ભારતીય ખાતું આપતો હતો.

આરોપી છિંજો થાર્ચિન નેપાળ અને શ્રીલંકામાં બેઠેલા ચાઈનીઝના સંપર્કમાં આવ્યો હતો અને તેણે ભારતીય વ્યક્તિઓ અને પેઢીઓના બેંક ખાતાઓ સક્રિય કરવા માંડ્યા હતા અને તે વિદેશી નાગરિકોને ઉપલબ્ધ કરાવવાનું શરૂ કર્યું હતું, જેનો તેઓ સાયબર ગુનાઓમાં ઉપયોગ કરતા હતા. પૂછપરછ દરમિયાન, આરોપીઓ સાથે જોડાયેલા લગભગ ૨૬ ભારતીય બેંક ખાતાઓનો ખુલાસો થયો છે, જેના સંદર્ભમાં ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે.

### ઓફિસરને ફૂલોનો ગુલદસ્તો-મીઠાઈનું પેકેટ આપ્યું હતું

## લાંચ આપવાના પ્રયાસમાં અદાણી જૂથના કર્મચારીની ધરપકડ થઈ

### અંબુજા સિમેન્ટના વરિષ્ઠ એક્ઝિક્યુટિવની ઓડિશામાં IAS અધિકારીને લાંચ આપવા બદલ ધરપકડ કરાઈ

નવી દિલ્હી,તા.૧૨

અદાણી ગ્રૂપની સિમેન્ટ મેન્યુફેકચરિંગ કંપની અંબુજા સિમેન્ટના વરિષ્ઠ એક્ઝિક્યુટિવની બુધવારે ઓડિશામાં IAS અધિકારીને લાંચ આપવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. વિજિલન્સ ટીમના અધિકારીઓના જણાવ્યા અનુસાર બુધવારે એક વ્યકિત બારગઢ જિલ્લા કલેકટર આદિત્ય ગોયલની ઓફિસે પહોંચ્યો હતો.

આ દરમિયાન તેમણે ઓફિસરને ફૂલોનો ગુલદસ્તો અને મીઠાઈનું પેકેટ આપ્યું હતું. અધિકારીના જણાવ્યા અનુસાર, પેકેટ અંગે કોઈ શંકા હોય તો, કલેકટરે તેના પટાવાળાને પેકેટ ખોલવાની સૂચના આપી હતી. પેકેટમાંથી રૂ.૫૦૦ની નોટના ચાર બંડલ મળી આવ્યા હતા.

આ પછી તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો અને આ અંગે વિજિલન્સ અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ તકેદારી ટીમ ત્યાં પહોંચી અને ૨ લાખ રૂપિયાની રોકડ ધરાવતું પેકેટ જપ્ત કર્યું હતું.

આ વ્યક્તિની ઓળખ રામભવ ગટ્ટુ, મુખ્ય બાંધકામ અધિકારી (પૂર્વ), અંબુજા સિમેન્ટ, છત્તીસગઢ તરીકે કરવામાં આવી છે તેમ અધિકારીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે આરોપીઓ સામે લોકસેવકને ઉશ્કેરવાનો પ્રયાસ કરવા બદલ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ સુધારો અધિનિયમ, ૨૦૧૮ ની કલમ ૮/૯/૧૦ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આરોપીની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૨માં અદાણી ગ્રુપે હોલસીમ ગ્રુપ પાસેથી અંબુજા સિમેન્ટનું અધિગ્રહણ કર્યું હતું. ત્યારથી અદાણી તેની માલિકી ધરાવે છે.

### સિંગલપટ્ટી માર્ગ ઉપર મહાકાય વાહનોની અવરજવરથી પરેશાની વધી

# બાબરા : નીલવડા માર્ગ પર વાહન ચલાવવું એટલે તોબા... તોબા

**તાજેતરમાં પડેલ વરસાદથી માર્ગમાં મસમોટા ગાબડા પડી જતાં વાહનચાલકો પરેશાન**

**પવનચક્કીનાં કાર્યને લઈને મહાકાય વાહનોની અવરજવરથી અકસ્માતનો સતત ભય**

**માર્ગ ઉપર મેલડી માનું મંદિર હોવાથી ભક્તજનોની મોટી અવરજવર રહે છે**

**માર્ગ-મકાન વિભાગ (પંચાયત)નાં અધિકારીઓ અને પદાધિકારી સ્થળ નિરીક્ષણ કરી સમસ્યાનું સમાધાન કરે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૨

બાબરા નિલવડા માર્ગ વર્ષોથી સિંગલપટ્ટી માર્ગ છે. આ માર્ગ ચોમાસામાં ભારે વરસાદથી ધોવાણ થઈ જાય છે પણ તંત્ર દ્વારા ચોમાસા બાદ યોગ્ય મરામત કે નવો નહિ બનાવતા વાહન ચાલકોને ભારે મુશ્કેલીઓ પડી રહી છે અને અકસ્માત સર્જાવાની ભીતિ સતાવી રહી છે. અહીં આ માર્ગ પર સમગ્ર તાલુકામાં આસ્થાનું પ્રતીક ધરાવતું શ્રી વડલીવાળી મેલડીમાં નું ધામ આવેલું હોવાથી મોટી સંખ્યામાં લોકો પૂનમ ભરવા તેમજ રવિવારે અને મંગળવારે માતાજીના દર્શને આવતા હોય છે. જેનાં કારણે રોડ પર ભારે ટ્રાફિક પણ જોવા મળી છે સિંગલપટ્ટીનો માર્ગ હોવાથી રાહદારીઓ તેમજ અન્ય વાહનચાલકોને સંભાળીને ચાલવાની ફરજ પડે નહી તો મોટો અકસ્માત સર્જાવાની ભીતિ સતાવે છે.

બાબરા–નિલવડા માર્ગ પર પવનચક્કીના મોટા પાંખડા સાથેના વાહન તેમજ અન્ય માટી ભરેલા ટ્રેકટર અને અન્ય વાહન પણ બેફામ ગતિએ દોડી રહ્યા છે. જેનાં પર રોક લાવવાની માંગ પણ સ્થાનિક રાહદારીઓ કરી રહ્યા છે. બાબરા–નિલવડા ખુબ જ સાંકડો માર્ગ બનતા અનેકવાર નાના–મોટા અકસ્માત થઈ રહ્યા છે, અમુક અકસ્માત જીવલેણ બન્યા છે. તાજેતરમાં એક ઈકો કાર સાથે પવનચક્કીનો પાંખડો અથડાતા ઈકો કારનો બુકડો બોલી ગયો હતો જોકે ચાલકનો સદનસીબે બચાવ થયો હતો. એ પહેલા અમરેલીના એક બાઈકચાલકનું પણ પવનચક્કીના ટ્રકમાં અકસ્માતમાં મોત નિપજયું હતું. સિંગલપટ્ટી માર્ગના કારણે વાહનચાલકો તેમજ રાહદારીઓને ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે. ત્યારે ડબલ પટ્ટી માર્ગ બને તેની તાતી જરૂર હોવાથી લોકો માંગ કરી રહ્યા છે.

હાલ બાબરા નિલવડા માર્ગ વરસાદના પાણીમાં ધોવાણ થયો છે ચાલીને પસાર થવું પણ મુશ્કેલ બન્યું છે. ત્યારે જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગના અધિકારી થોડો સમય કાઢી માર્ગનું નિરીક્ષણ કરી નવો માર્ગ બનાવે તેવી માંગ સ્થાનિક લોકોમાંથી ઉઠવા પામી છે.

### મારૂતિનંદન હોટેલ પાસેની ઘટના

## સાવરકુંડલાનાં હાડીડા ગામ નજીક એસ.ટી. બસ અને બોલેરો વચ્ચે અકસ્માત

**ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડવામાં આવ્યા**



સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાના હાડીડા ગામ પાસે આવેલ મારૂતિનંદન હોટલ પાસે અકસ્માત બન્યો. અકસ્માતમાં ભોગ બનનારને તાત્કાલિક સારવાર હેઠળ ૧૦૮ મારફતે દવાખાને ખસેડવામાં આવેલ છે. હેતલબેન વિપુલભાઈ રહેવાસી મહુવા (ઉંમર વર્ષ ૩૦), તુલસીબેન વિપુલભાઈ (ઉંમર વર્ષ ૧૦) રહેવાસી મહુવા આ બંનેને વધુ સારવાર અર્થે ભાવનગર ખસેડવામાં આવેલ છે. તેમજ વિબેન (ઉંમર વર્ષ ૨) રહેવાસી મહુવા, જેતુનબેન હબીબભાઈ (ઉંમર વર્ષ ૪૫) રહેવાસી કીકરીયા, મધુબેન શેખ (ઉંમર વર્ષ ૫૫) રહેવાસી કિકરીયા જેઓને મહુવા ખાતે દાખલ કરવામાં આવેલ છે.

ઉપરોકત નામમાં બોલેરોમાં મુસાફરી કરી રહ્યા હતા જેઓને ઈજા પહોંચી હતી. અકસ્માતનો જે બનાવ બનેલ તે સાવરકુંડલા ડેપોની ગાડી સાવરકુંડલા–મહુવા તરફ જતા અકસ્માત બનેલ છે અને વધુ સારવાર અર્થે તમામ દર્દીઓને મહુવા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ છે અને વધુ તપાસ ખુટવડા પોલીસ સ્ટેશન ચલાવી રહ્યું છે.




### એસપીની સુચનાથી સાયબર ક્રાઈમ પોલીસનો સપાટો

## ઈન્સ્ટાગ્રામમાં ફોટાને વાયરલ કરી વિડીયો કોલનાં માધ્યમથી બિભત્સ માંગણી કરનાર આરોપી ઝડપાયો

**આરોપી દર્શક રાજુભાઈ ઝીંઝાળાની સુરતથી અટકાયત**



અમરેલી, તા. ૧૨

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા અમરેલી જીલ્લામાં સાયબર ક્રાઈમ સબંધીત ગુન્હાઓ અટકાવવા તથા આરોપીઓને પકડી પાડવા જરૂરી સુચનાઓ આપેલ હોય. જેથી આવી ગુન્હાહીત પ્રવૃત્તિ કરતા ઈસમોને ઝડપી પાડવા અમરેલી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ચીરાગ દેસાઈએ સઘળા પ્રયત્નો કરવા સુચના તેમજ માર્ગદર્શન આપેલ હોય. જે અંતર્ગત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અમરેલી ખાતે આઈટી એકટ કલમ ૬૬(સી), ૬૭, ૬૭(એ) મુજબનો ગુન્હો તા.૧૯/૭/૨૪ જાહેર થયેલ. હતો.

સદરહું ગુન્હામાં સુરત ગામે એ–૧૮૫, સીતારામ નગર સોસાયટી, અર્ચના સંકુલ વિદ્યાલય પાસે, પૂણાગામ–બોમ્બે માર્કેટ રોડ ઉપર રહેતા આરોપી દર્શકભાઈ રાજુભાઈ જીંજાળા નામનાં ૨૨ વર્ષિય વિદ્યાર્થીએ ravina_0275 નામનું ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. બનાવી સોશ્યલ મીડીયાના માધ્યમથી આ કામના ફરિયાદીના મિત્રની ખોટી ઓળખ આપી તેને વિડીયો કોલ કરી શરીરના ગુપ્તાંગનો ભાગ બતાવી વિડીયો કોલનુ સ્ક્રીન રેકોર્ડીંગ કરી અને ગુપ્તાંગો બતાવવા અંગેની બિભસ્ત માંગણી કરી હતી અને ફોટા વાયરલ કરી ફરિયાદીની પ્રતિષ્ઠાને હાની પહોંચાડી બદઈરાદે ફેક આઈ.ડી.માંથી ખરાબ–બિભત્સ માંગણી કરી ગુન્હો કરેલ હોય. જેની ફેસબુક પ્લેટફોર્મ પાસેથી ડેટા રેકર્ડ મેળવી અને આઈપીડીઆર ટેકનીકલ એનાલીસીસ કરી આ ગુન્હાના કામના આરોપી દર્શકભાઈ રાજુભાઈ જીંજાળાને પકડી તથા આરોપી પાસેથી ગુન્હાના કામે વપરાયેલ ૧ મોબાઈલ ફોન પણ કબ્જે કરેલ છે.

આમ ઈન્સ્ટાગ્રામના એકાઉન્ટ દ્વારા ફરિયાદીના ફોટા વાયરલ કરનાર આરોપીને પકડી પાડવામાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર વી.એમ. કોલાદરા તથા પો.સબ.ઈન્સ. જે.એમ. કડછા તથા પોલીસ કોન્સ.નિકુલભાઈ રાઠોડ, પોલીસ કોન્સ. અલ્પિતાબેન ગુણા તથા ટેકિનકલ ઓપરેટર પારસભાઈ મજેઠીયા તથા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અમરેલીની ટીમને સફળતા મળેલ છે.




### સામાન્ય બાબતે તકરાર વધી

## રાજુલાનાં જુની કાતર ગામે ઘેટા–બકરા માર્ગમાં બેસાડવા બાબતે બઘડાટી બોલી

**આધેડ ઉપર લાકડી વડે થયો હુમલો**

અમરેલી, તા. ૧૨

રાજુલા તાલુકાના જુની કાતર તળાવની પાળ પાસે રહેતા શંભુભાઈ રાજાભાઈ ચૌહાણ નામનાં ૪૫ વર્ષિય આધેડના ઘરની પાછળના ભાગે જાહેર રસ્તામાં તે જ ગામે રહેતા આરોપી જોધાભાઈ લાખાભાઈ બોહરીયાએ તેના દસેક જેટલા ઘેટા–બકરા બેસાડેલ હોય. જેથી આધેડે ઘેટા–બકરા રસ્તામાં કેમ બેસાડો છો? ચાલવામાં તકલીફ થાય છે તેમ કહેતા આરોપીને સારૂ નહી લાગતા ઘેટા–બકરા તો રસ્તામાં જ બેસશે તેમ કહી અન્ય ત્રણ આરોપીઓ અમરાભાઈ લાખાભાઈ બોહરીયા, ધનાભાઈ રત્નાભાઈ બોહરીયા તથા વિનુભાઈ પોલાભાઈ બોહરીયાને બોલાવેલ હતાં. જેમણે આધેડને લાકડીનો એક ઘા પીઠમાં મારી મુંઢ ઈજા કરી, જમણા હાથના કલાઈ ઉપર મારી ફેકચર કરી તથા આરોપીએ કુહાડીનો એક ઘા આધેડને માથાના ભાગે મારી ગંભીર ઈજા કરી હતી. જયારે આધેડનો દીકરો કમલેશ તથા બહેન લીલાબેન આધેડને બચાવવા વચ્ચે પડતા તેમને લાકડીનો એક ઘા મારી મુંઢ ઈજા કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)